ભૂમિપુત્ર
माता भूमि : पुत्रो अहं पृथिव्या :

Vol. 072 Issue No. 19 Date : 16-06-2025

# સંઘમિત્રાબેન (ઉમાદીદી) વિશેષાંક

## આ અંકમાં


| | | |
|---|---|---|
| વિનોબા | ૦૧ | મનને જાણીએ (૧૩) |
| સુદર્શન આયંગાર | ૦૩ | ડૉ. સંઘમિત્રા ગાડેકર ઉર્ફે ઉમાદીદી : જ્વલંત કર્મશીલ અને હેતાળ "મા" |
| ક્રિષ્ના મહંતિ | ૦૬ | પ્રેમાળ, સંવેદનશીલ, કર્મશીલ દીકરી - પુસુ |
| બિનિતા પંડ્યા | ૦૭ | ઉમાબહેનને યાદ કરતાં.... |
| સ્વાતિ દેસાઈ | ૦૯ | ઉમાબહેન સ્મરણાંજલિ સભા |
| ભૂપેન્દ્ર ચૌધરી | ૧૦ | સમાજના કામમાં યોગદાન આપીએ |
| કુમાર સિદ્ધાર્થ | ૧૫ | એક નિર્ભીક અવાજ શાંત થઈ ગયો |
| ભદ્રા-વિક્રમ સવાઈ | ૧૫ | સૌની મોટી બહેન ઉમા |
| મોહન ત્રિવેદી | ૧૬ | ઉમાબેન-સદાબહાર... |
| રાજેન્દ્ર રાજન | ૧૭ | વારસાનું જતન |
| શ્રીકુમાર | ૧૭ | સંપૂર્ણ ક્રાંતિ વિદ્યાલયનાં ઉમાદીદી |
| લેખા બાલા | ૧૮ | વાદળના પીંજેલા રૂની પૂણી બનાવવા ગઈ છે, મારી મોટી બહેન! |
| રજની દવે | ૧૯ | સંઘમિત્રા ગાડેકરની લેખનયાત્રા |
| રજની દવે | ૨૦ | 'અણુમુક્તિ ગ્રુપ'ની સાઈકલ-યાત્રાઓ |
| રેખાબહેન સંઘવી | ૨૦ | ઉત્સાહથી ભરપૂર – સેવાભાવી ઉમાબહેન |
| દિપાલી રાજ્યગુરુ | ૨૧ | મારાં ખાદી પહેરતાં મેરીલ સ્ટ્રીપ..... |
| મીનુ પરબીઆ | ૨૧ | અમારાં ઉમાદીદી |
| સતીશકુમાર સિંહ | ૨૨ | ઉમાબહેન ઊર્જાના એક સ્રોત સમાં હતાં! |
| પારુલ દાંડીકર | ૨૪ | 'અણનમ યોદ્ધા' ઉમાબહેનને સલામ! |


યજ્ઞ પ્રકાશન
(આ પેજ મૂળ અંકનો ભાગ નથી.)
YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org



Published on 1st & 16th of Every Month
**BHOOMIPUTRA**
Gujarati Fortnightly
**Date : 16-06-2025**
**Vol.72 Issue No.19 1935**
Price Rs. 20, Annual Sub. Rs.200.
Place of Publication :
Bhoomiputra Karyalaya,
Hujaratpaga, Vadodara - 390 001.

माता भूमिः पुत्रो अहं पृथिव्याः

ભૂમિપુત્ર

ભૂદાનમૂલક ગ્રામોદ્યોગપ્રધાન અહિંસક ક્રાંતિનું પાક્ષિક મુખપત્ર

**૧૯૪૮-૨૦૨૫ સંઘમિત્રા ગાડેકર (ઉમાદીદી) સ્નેહાંજલિ વિશેષાંક**

# મનને જાણીએ (૧૩)

❍ વિનોબા ❍

## મનોનિગ્રહ : ચિત્ત-નિર્માણ - સામૂહિક ચિત્ત

ભગવાને ભગવદ્‌ગીતામાં મનોનિગ્રહ માટેના બે ઉપાયો બતાવ્યા છે, અભ્યાસ અને વૈરાગ્ય. અભ્યાસ એ વિધાયક પાસું છે, વૈરાગ્ય એ નિષેધાત્મક પાસું છે. આપણે કયું ચિંતન કરવાયોગ્ય છે તે નક્કી કરીને પછી તેની ટેવ પાડવી. આ એની વિધાયક બાજુ થઈ. અને જે ચિંતન કરવું યોગ્ય નથી - જે વાતો સારી નથી એટલે કે અનિષ્ટકારી વિષયો પરત્વે વર્જ્યભાવના. જે માણસ મનનો સંયમ કરે છે, તેને આ ઉપાયો અર્થાત્ અભ્યાસ અને વૈરાગ્ય દ્વારા યોગ સધાય છે. મનનો નિરોધ હઠથી નહીં પણ યુક્તિથી સાધવો પડે છે. આને ભાગવત अनुरोधेन मार्गेण - કહે છે. નિરોધના વિરોધમાં અનુરોધ. ભાગવતમાં કહ્યું છે કે ક્યારેય મનનો પીછો ન છોડો. એની પાછળ પાછળ જવું. પછી સર્વપ્રથમ પ્રાણ-ઇન્દ્રિયોને જીતીને અને બુદ્ધિને સત્ત્વયુક્ત કરીને મનને આત્માના વશમાં લાવવું.

આમ મનનો પીછો કરતા રહીએ, ચૂપચાપ બેઠા ન રહીએ. આપણું મન ચારે દિશાઓમાં ભટક્યા કરતું હોય છે અને મનને એ બધું ગમતું પણ હોય છે. આવા મનનું નિયમન કરવા માટે ક્યારેય તેને માનસિક ચિંતનમાં રમવા (રમમાણ) ન દેવું. મનને આત્મામાં સ્થિર કરીએ અને સ્વયં જાતે કોઈ પણ પ્રકારનું ચિંતન ન કરીએ. સ્વયં કાંઈ પણ ન વિચારીએ એટલે કે 'આત્મચિંતન'ની પણ 'ક્રિયા' ન કરવામાં આવે, કેવળ આત્મામાં મનને સ્થિર કરીને 'રહીએ'. જો આ ન સધાય તો શું કરવું ? જેવી રીતે જળપ્રવાહને રોકવા માટે બંધ બનાવાય છે, એવી રીતે મન પર બંધ બાંધીએ. માનસિક સૃષ્ટિમાં બંધ બાંધવાનો અર્થ થાય છે વિવેક રાખીએ. વિવેક જ મનનો બંધ છે.

યોગસૂત્રનો તો વિષય જ છે, યોગ. એમાં યોગની વ્યાખ્યા થઈ છે, 'ચિત્ત નિરોધ'. - योगश्चित्तवृत्तिनिरोधः । જીવન સંબંધી તમામે તમામ પાસાઓને સ્પર્શ્યા વગર ક્યારેય ચિત્તનિરોધ થઈ શકે નહીં. મનુષ્યનું જીવન ઐહિક (ભૌતિક) ક્ષેત્રમાં, વાચિક ક્ષેત્રમાં, પ્રાણિક ક્ષેત્રમાં, માનસિક ક્ષેત્રમાં અને સામાજિક ક્ષેત્રમાં પણ હોય છે. આ બધાં ક્ષેત્રોને સ્પર્શ કર્યા વગર માણસથી યોગ અને ચિત્તનો નિરોધ સંપૂર્ણપણે સાધી શકાતો નથી. યોગ શબ્દ વિશેષ અર્થમાં પોઝિટીવ, વિધાયક છે. ચિત્ત-નિરોધ શબ્દ નેગેટીવ છે. યોગ શબ્દમાં કશુંક ઉમેરવાનું છે, પ્રાપ્ત કરવાનું છે. ચિત્તવૃત્તિ-નિરોધ શબ્દમાં તોડવાનું છે. આપણે આપણી જોડે જોડાઈ ગયેલી નકામી કલ્પનાઓ, વ્યર્થ વસ્તુઓ તોડી નાખવાની છે. આપણી ઉપર જે આવરણ છવાઈ ગયેલું છે, તેને તોડી નાખવાનું છે. અહીં શબ્દ તો વિધાયક છે, પરંતુ વ્યાખ્યા નિષેધક કરી છે - આ એક ચમત્કાર છે.

માણસ જ્યારે પોતાના ચિત્તની વૃત્તિઓનો નિરોધ કરી લે છે, ત્યારે તે પોતાની સ્થિતિમાં લીન થઈ જાય છે. પતંજલિ આવી સ્થિતિને મેળવવા માટે અષ્ટાંગ યોગનો માર્ગ બતાવે છે. અષ્ટાંગ યોગ - યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન, સમાધિ.

ચિત્તનિરોધનો કર્મયોગની સાથે પણ ઘણો નિકટનો સંબંધ છે. ચિત્તની વૃત્તિઓ જ ભિન્ન ભિન્ન ઇન્દ્રિયો દ્વારા પ્રગટ થતી હોય છે. એટલા માટે જ્યાં ચિત્તવૃત્તિ નિરોધની વાત આવે છે, ત્યાં ચિત્તની સાથે સાથે ઇન્દ્રિય નિગ્રહ પણ આવી જાય છે.

આપણને જુદી જુદી પરિસ્થિતિઓમાં સારા-ખરાબ અનુભવો થતા હોય છે અને ત્યારે તે સમયે જે વૃત્તિઓ જાગતી હોય છે તેનું નિરસન કરવું ઘણું અઘરું થાય છે. પહેલાં તો વૃત્તિઓને દબાવવી, અને પછી તેને દૂર કરવી - આ અઘરો કાર્યક્રમ થઈ જાય છે. ભગવાન ભગવદ્‌ગીતામાં આશ્વાસન આપતા કહે છે કે ભક્તિ કરશો તો આ આખો કાર્યક્રમ સરળ થઈ જશે.

શરીર તો કાબૂમાં રહે છે, પણ મન કાબૂની બહાર જવા ઇચ્છે છે - આ તો નિત્યનો જ અનુભવ આવતો હોય છે. આવું ન થાય તે માટે આપણે શરીર પર ત્વરિત વિજય મેળવીને મનના દમન માટેનો પ્રયત્ન સતત કરતા રહેવો જોઈએ. શરીરને નિયંત્રણમાં રાખતાં મનની સાથે લડતા રહેવામાં કોઈ વિસંગતિ માનવી જોઈએ નહીં. શરીરને સમેટી મનનું લાલન પાલન કરવું - એ જ વિસંગતિનું લક્ષણ છે.

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

શ્વાસ રોકવાથી મનનો નિરોધ થશે. પણ માત્ર એટલાથી કામ થવાનું નથી. શંકરાચાર્ય સત્સંગ, વાસના-ત્યાગ અને હરિચરણની ભક્તિ કરવાની વાત કરે છે. આટલું કર્યા બાદ ક્યાંક મન: સ્વ-वेगं जहाति – મન પોતાનો વેગ છોડે છે. ચારે બાજુએથી કાતર ચલાવો, તો પછી ક્યાંક મન પોતાનો વેગ છોડે છે. પરંતુ એ કેવી રીતે ? शनैः शनैः – ધીરે-ધીરે.

## ચિત્ત-નિર્માણ

આજે વિજ્ઞાનની શક્તિ તીવ્ર ગતિથી આગળ વધી રહી છે. માટે દુનિયામાં સામૂહિક ચિત્ત-નિર્માણની જરૂર ઊભી થઈ છે. જેમ જેમ ઉત્તરોત્તર બાહ્ય નિર્માણ જેટલી ગતિથી થતા જશે, તેમ તેમ તેટલી જ ગતિથી ચિત્ત-નિર્માણ થાય, આ અત્યંત આવશ્યક થઈ ગયું છે. માટે દુનિયાભરના ચિંતકો વારંવાર એકઠા થઈને ચિંતન કરે છે. જૂના જમાનામાં ભારતમાં સંતોએ પદયાત્રા કરેલી. એ સંતોની મુખ્ય દૃષ્ટિ જ ચિત્ત-નિર્માણ કરવાની હતી. આજે પણ મનુષ્ય સામે સૌથી મોટી સમસ્યા ચિત્ત-નિર્માણ કરવા બાબતની છે. ચિત્તને નવો પરિવેશ (વાતાવરણ) મળે, ચિત્ત વિકારોમાં ન જઈને એકદમ નિર્વિકાર ભૂમિકામાં રહે અને જે શક્તિનો મુખ્ય સ્રોત અંદર આત્મામાં રહ્યો છે, તેનો સ્પર્શ થાય. આમ આ પ્રકારના ચિત્તના નમૂના જો ક્યાંક જોવા મળશે તો તે આખા વિશ્વમાં ફેલાઈ શકે તેમ છે. કેમ કે આખા વિશ્વને આની ઇચ્છા છે.

આજે આખી દુનિયાના સામાજિક ક્ષેત્રમાં, રાજનીતિક અને આર્થિક ક્ષેત્રમાં, પ્રવર્તમાન સમાજરચના જેવી છે તેવી કાયમ રાખીને કાંઈક હલચલો થઈ રહી છે. પરંતુ વિજ્ઞાનયુગમાં આ પ્રકારની હલચલો (આંદોલનો) વ્યર્થ સિદ્ધ થવાની છે. કેટલીક હલચલો એવી પણ ચાલે છે, જે આપણે ચલાવી રહ્યાં છીએ (ભૂદાન-ગ્રામદાન), જેમાં સમાજરચનાનો પાયો જ બદલાવાનો છે. ગ્રામદાન વગેરે દ્વારા જે કામ થઈ રહ્યાં છે, એમાં ક્રાંતિનો વિચાર છે. એનો પાયો છે, નવું પરિવર્તિત મન. જૂનું મન જૂની પદ્ધતિથી વિચારે છે. આપણે રાગ-દ્વેષ, માનાપમાન, ઊંચ-નીચ ભાવ, અહંકાર વાસનાઓ વગેરે જેવું છે તેવું જ કાયમ રાખીને વિચારતા હોઈએ છીએ. પરંતુ આપણે આપણા ચિત્તને આવી આદતોથી મુક્ત કરી દેવું જોઈએ. ચિત્તને એક નવો પરિવેશ મળે તેવું થઈ જવું જોઈએ.

આપણે જે પણ કાંઈ નિર્માણ કરવા ઇચ્છીએ છીએ, તે કરવા માટે પહેલાં તો ચિત્ત-નિર્માણ થવું જોઈએ. જો ચિત્ત-નિર્માણ થશે, તો બીજું કાંઈ પણ નિર્માણ થશે. ગ્રામ-નિર્માણ થશે, અને સમાજ-નિર્માણ પણ થશે; પરંતુ સૌથી પહેલાં તો કાર્યકર્તાઓનાં ચિત્ત-નિર્માણ થવાં જોઈએ. ચિત્ત-નિર્માણ એ તો મનુષ્ય જીવનનું એક અંગ છે, મુખ્યાંગ અને ઉત્તમાંગ છે. ચિત્ત-નિર્માણનું આકર્ષણ બધા જ પંથો – બૌદ્ધ, જૈન બધાને રહ્યું છે. ચિત્ત-નિર્માણ કરવાની સાથે જ્યારે જરૂર પડી ત્યારે તેમાં ક્રિયાયોગ, ધ્યાનયોગ જોડી દીધા અને પૂર્ણતા લાવવાના પ્રયત્નો થયા.

ગીતાનો આ પ્રયોગ – જે દેહને મુખ્ય માનીને તેની આસપાસ વસ્તુઓ ઊભી કરવાનો – તો સુલભ છે. પણ એને બદલે ચિત્તને મુખ્ય માનીને તેની આસપાસ ચીજો ઊભી કરવી એ કઠણ પ્રવેશ છે. પણ પ્રવેશ અઘરો હોવા છતાં તે ઘણો મહત્ત્વનો છે. એને સાધવો જ પડશે, ટાળવાનો નથી. કેમ કે જો ચિત્ત-નિર્માણ નહીં થાય, તો બીજાં કોઈ કામ નહીં થાય.

જે વિચારકો છે તેમની સામે હંમેશાં એક વિચાર રહેતો હોય છે કે કોઈ પણ બાહ્ય સમસ્યાનો વિચાર ન કરતાં કેવળ ચિત્ત-નિર્માણની તરફ ધ્યાન આપવું ઠીક હશે કે પછી જે કોઈ બાહ્ય સમસ્યા છે – જે તે જમાનામાં અસ્તિત્વમાં આવી છે, તે સમસ્યાને વાહન બનાવીને ચિત્ત-નિર્માણની કોશિશ કરવી ઠીક ગણાશે ? આમ બે વિચાર ચાલે છે. મહાવીર સ્વામીએ સામૂહિક કાર્યને ક્યારેય હાથમાં ન લીધું, બલ્કે એમને જે મધ્યસ્થ ચિંતનની પ્રેરણા થઈ, તેને સમાજની સામે રાખતા ગયા અને આખા ભારતમાં ફરતા રહ્યા. એમણે કોઈ ખાસ કામ હાથમાં ન ઉપાડ્યું. પરંતુ બુદ્ધ ભગવાને એક અગત્યનું કામ હાથમાં લીધું. તે હતું, યજ્ઞમાં થનારી હિંસા રોકવાનું કામ. એમના માટે તો તે નિમિત્તમાત્ર જ હતું. તેઓ એના માધ્યમથી ચિત્ત-નિર્માણનું કાર્ય કરતા રહ્યા. ચિત્ત-નિર્માણ માટે સમસ્યાઓને હાથમાં લેવી જરૂરી માનતા હતા. મારી પોતાની વ્યક્તિગત આંતરિક સ્ફૂર્તિ હોય છે, જે મને બાહ્ય આલંબન શૂન્ય (નિરાલંબ) ચિત્ત-નિર્માણના કાર્ય કરવા તરફ પ્રખરતાથી ખેંચતી હોય છે. હું તો ઇચ્છું છું કે હું આલંબન-શૂન્ય બનું, બાહ્ય પ્રવૃત્તિઓનો વિચાર ન રાખતાં સ્વ-ચિત્તનિર્માણ અને સમૂહ ચિત્ત-નિર્માણનું કાર્ય કરતો રહું.

(અપૂર્ણ) (સંકલિત)

### આ અંકમાં


| | | |
|---|---|---|
| વિનોબા | ૧ | મનને જાણીએ (૧૩) |
| સુદર્શન આયંગાર | ૩ | ડૉ. સંઘમિત્રા ગાડેકર ઉર્ફે ઉમાદીદી : જ્વલંત કર્મશીલ અને હેતાળ 'મા' |
| ક્રિષ્ના મહંતિ | ૬ | પ્રેમાળ, સંવેદનશીલ, કર્મશીલ દીકરી |
| બિનિતા પંડ્યા | ૭ | ઉમાબહેનને યાદ કરતાં.... |
| સ્વાતિ દેસાઈ | ૯ | ઉમાબહેન સ્મરણાંજલિ સભા |
| ભૂપેન્દ્ર ચૌધરી | ૧૦ | સમાજના કામમાં યોગદાન આપીએ |
| કુમાર સિદ્ધાર્થ | ૧૫ | એક નિર્ભીક અવાજ શાંત થઈ ગયો |
| ભદ્રા-વિક્રમ સવાઈ | ૧૫ | સૌની મોટી બહેન |
| Mohan Trivedi | 16 | Uma Ben : Ever-blossoming...... |
| રાજેન્દ્ર રાજન | ૧૭ | વારસાનું જતન |
| શ્રીકુમાર | ૧૭ | સંપૂર્ણ ક્રાંતિ વિદ્યાલયનાં ઉમાદીદી |
| લેખા બાલા | ૧૮ | વાદળના પીંજેલા રૂની પૂણી બનાવવા ગઈ છે |
| રજની દવે | ૧૯ | સંઘમિત્રા ગાડેકરની લેખનયાત્રા |
| રજની દવે | ૨૦ | અણુમુક્તિ ગ્રુપની સાઈકલ-યાત્રાઓ |
| રેખાબહેન સંઘવી | ૨૦ | ઉત્સાહથી ભરપૂર – સેવાભાવી ઉમાબહેન |
| દિપાલી રાજ્યગુરુ | ૨૧ | મારાં ખાદી પહેરતાં મેરીલ સ્ટ્રીપ..... |
| મીનુ પરબીઆ | ૨૧ | અમારાં ઉમાદીદી |
| સતીશકુમાર સિંહ | ૨૨ | ઉમાબહેન ઊર્જાના એક સ્રોત સમાં હતાં |
| પારુલ દાંડીકર | ૨૪ | અણનમ યોદ્ધા ઉમાબહેનને સલામ ! |




YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# ડૉ. સંઘમિત્રા ગાડેકર ઉર્ફે ઉમાદીદી : જ્વલંત કર્મશીલ અને હેતાળ 'મા'



''**બા**બુભાઈ, આ તમારી કૉફી.''

''સુદર્શન તુમ્હારી ચાય બના લો, પાની ચડા દિયા હૈ, મેરી કૉફી બના લી હૈ.''

''બાબા, તુમ દૂધ લેને જા રહે હો ના, રાત કા દૂધ ખતમ હૈ.''

મળસ્કે ૫.૩૦ વાગ્યે બોલાતા આ શબ્દો હવે સંપૂર્ણ ક્રાંતિ વિદ્યાલયના પરિસરમાં, દેસાઈ-ગાડેકર નિવાસમાં ક્યારેય કાને નહીં પડે. બોલનારી ડૉ. સંઘમિત્રા દેસાઈએ (ગુજરાતમાં ઉમાબહેન અને ઉમાદીદીને નામે જાણીતાં) ઇહલોકમાંથી અચાનક વિદાય લીધી. પહેલું વાક્ય જેને માટે હતું તે તો એના પિતા નારાયણ દેસાઈ, જેને અમે સહુ બાબુભાઈ કહીને સંબોધતા. તેઓ તો ૨૦૧૫માં જ ગયા. ઉમાબહેનને એક પછી એક સ્ટ્રોક આવ્યા. બીજા સ્ટ્રોકને સહન કરી તેમાંથી બને તેટલી સ્વસ્થતાપૂર્વક નીકળવાની કોશિશ મક્કમતાથી ચાલી રહી હતી. પહેલા સ્ટ્રોકથી તો આબાદ નીકળેલાં એવું કહેવાય. હારે એવાં તો હતાં નહીં. પણ ૨૭મીના રોજ થયેલો હૃદયરોગનો ગંભીર હુમલો જીવલેણ નીવડ્યો. એમાંથી પણ કદાચ હેમખેમ નીકળ્યાં હોત ! એંજિઓપ્લાસ્ટી તો બરાબર થઈ પણ પછી હૃદયના એક વાલ્વને નુકસાન થયું, જેમાંથી આબાદ નીકળી શકાય એવું ન હતું. સર્જરી એક ઉપાય હતો. આશાનું કિરણ દેખાયું એટલે શરીર સામાન્ય થાય તે માટે વેંટિલેટર પર બે દિવસ માટે મૂક્યાં પણ દેવધાર્યું થયું અને ઉમાદીદી પરલોકની યાત્રાએ નીકળી ગયાં. એ અચાનક થયું અને તે સૌને આઘાતજનક લાગ્યું. ઑગસ્ટ મહિનાની ૨૪મીના રોજ આયુષ્યનાં ૭૭ વરસ પૂરાં કર્યાં હોત પણ વચ્ચે જ ગયાં. ઉમા તો વેડછીની લાડકી દીકરી. વિદાય વેળાએ ગ્રામશાળામાં ભણતાં અને આજે હયાત લગભગ બધાં સહપાઠી મિત્રો, વડીલો અને સમવયસ્ક અને નાની બહેનો ઉમાદીદીની ગમગીન વિદાયમાં હાજર. ગ્રામશાળામાં સાથે ભણેલા અશોકભાઈ ચૌધરીના આંસુ તો ચાલ્યા જ જાય. આ દુઃખદ પ્રસંગે એમની સાથે રહેલા અને નજદીકી અનુભવતા સહુ વિદાય આપવા પહોંચ્યા હતા.

**જીવન ઝલક**

મહાદેવ દેસાઈ-દુર્ગાબહેન અને ઓડિશાના નબકૃષ્ણ ચૌધરી-માલતીદેવીની પૌત્રી-દોહિત્રી અને નારાયણભાઈ-ઉત્તરાબહેનની દીકરી વારસામાં તો ઘણું-ઘણું લાવેલી અને તેના પર વેડછી, બનારસ, કલકત્તાનો ઉછેર, ભણતર અને ગાંધી-વિનોબાના બૃહદ પરિવારનું વાતાવરણ. એવા ઉછેરના લીધે ભાગ્યે જ કોઈ સ્વભાવ કે પ્રતિક્રિયા રૂપે વિચારદોષ. ક્યારેક નકારાત્મક થઈ જાય. બાકી તો 'રંગાઈ જાને રંગમાં' ગીતના બોલ જાણે પૂરેપૂરા આત્મસાત્ કર્યા હતા.

મા ઉત્તરાબહેન જાણે-અજાણે એમના આદર્શ થઈ ગયાં એવું એમને જોનારને લાગે. પિતાની વિદ્વત્તા પણ આવેલી જ હતી. ૧૯૪૮માં ભણતરના પાયા તો વેડછી ગ્રામશાળામાં જ નખાયા. નારાયણભાઈનો પરિવાર બનારસ તો ૧૯૬૦માં ગયો, ત્યાં સુધી વેડછી સ્વરાજ આશ્રમની ગ્રામશાળામાં જ ભણ્યાં. એમનું શાળાકીય ભણતર ઘણી જગ્યાએ થયું. વેડછી, વડોદરા, આંબલા, ઓડિશા અને છેલ્લે બનારસ. બનારસમાં ગંગાકાંઠે આવેલી અને ૧૯૨૭માં સ્થાપિત, જે. કૃષ્ણમૂર્તિની વિચારધારા પ્રેરિત રાજઘાટ બેસન્ટ સ્કૂલમાં ભણવાનું થયું. એ મેધાવી છાત્રા હતાં.

૧૯૬૭માં નીલ રતન મેડિકલ કૉલેજ ઍન્ડ હૉસ્પિટલ, કલકત્તા (હાલ કોલકાટા)માં એમ.બી.બી.એસ.માં દાખલ થયાં. તબીબ તો થયાં, સાથે જ બંગાળી સરસ શીખ્યાં. ઓડિયા તો માતૃભાષા. આમ ગુજરાતી, ઓડિયા, બંગાળી અને હિંદી પર ગજબ પ્રભુત્વ ધરાવતાં થયાં. ઘણાં વર્ષો વેડછીમાં રહ્યાં એટલે સ્થાનિક ગ્રામજનો સાથે તેમની ચૌધરી બોલીમાં પણ સહજતાથી વાત કરતા એટલે એક આત્મીયતાનો નાતો બંધાતો. હિંદી સાહિત્ય પણ ઘણું વાંચ્યું. ગાંધી-વિનોબા સાહિત્ય અને વિચારજ્ઞાન તો માતા-પિતા અને ઘરે આવનારાં ઘણાં-ઘણાં મહેમાનો પાસેથી સહેજે મેળવ્યું. ૧૯૭૧માં પાકિસ્તાન સાથેના યુદ્ધના લીધે આજના બાંગ્લાદેશમાંથી હજારો હિજરતી ભારત આવ્યા. ત્યારે શરણાર્થીઓના શિબિરોમાં અનેક પ્રકારની સેવાઓ આપી. ૧૯૭૨માં એમ.બી.બી.એસ. પૂરું કર્યું. એ દરમિયાન ૧૯૭૨ના આરંભે ભાવિ જીવનસાથી સુરેન્દ્ર ગાડેકર સાથે પરિચય થયો. એ બાબા તરીકે ગુજરાતી સર્વોદય જગતમાં ઓળખાય છે. તેઓ આઈ.આઈ.ટી. કાનપુરના મેધાવી વિદ્યાર્થી અને ત્યાંથી ફિઝિક્સમાં ડૉક્ટરેટ મેળવી. બંને મળ્યાં અને બેઉને એકમેકમાં જીવનસંગાથી દેખાયા. ઑક્ટોબર ૧૯૭૨માં પરણી ગયાં. બહેન-બનેવીની વાતો ભાઈ નચિકેતા મારી સાથે હોસ્ટેલમાં રહેવા આવ્યો ત્યારે બડાઈથી કરે. અને હું તો પ્રભાવિત. બંનેને મળવાનું મોડેથી થયું.

ઉમાબહેને ૧૯૭૨માં એક વરસની ઇંટર્નશીપ પછી ૧૯૭૩થી ઉત્તર પ્રદેશની સરકારમાં જ્ઞાનપુર, જિલ્લો ભદોઈ, અને કાનપુરનાં પ્રાથમિક આરોગ્ય કેંદ્રોમાં સેવા આપી. તેનો ઊંડો અનુભવ ચર્ચાઓમાં પ્રકટ થયા વિના રહે નહીં. વળી તરુણ શાંતિ સેના પ્રેરિત મેડિકો ફ્રેંડ સર્કલના સ્થાપના વરસ ૧૯૭૪થી જ સક્રિય સભ્ય. ૧૯૭૯થી ૧૯૮૧ના અરસામાં સુરેન્દ્રભાઈ અને ઉમાબહેન અમેરિકા ગયાં. ત્યાં ઉમાબહેને ન્યુટ્રિશનમાં અનુસ્નાતકની ડિગ્રી લીધી. ૧૯૮૨-૧૯૮૪ના ગાળામાં સર્વ સેવા સંઘ રાજઘાટ, બનારસના પરિસરમાં ક્લિનિક શરૂ કરી બે વરસ પ્રેક્ટિસ કરી. એ જ અરસામાં દીકરી દુઆનો જન્મ થયો હતો. ૧૯૮૪માં ઉમાબહેન બનારસની વસંતા કૉલેજ ફોર વિમેનમાં જોડાયાં. જે. કૃષ્ણમૂર્તિ પ્રેરિત



YAGNA PRAKASHAN SAMITI

https://www.bhoomiyagna.org

આ કૉલેજનું વાતાવરણ અને વિચાર-વારસો ઉમાબહેન માટે જરાય નવાં ન હતાં. ન્યુટ્રિશન ભણીને આવેલાં એટલે હોમ સાયન્સ વિભાગમાં સરસ ગોઠવાયાં હશે. સાથે-સાથે કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન રુરલ સેંટરના નેજા હેઠળ ચાલતી સંજીવની હૉસ્પિટલમાં સુપરિનટેંડેન્ટ તરીકે સેવાઓ આપી.

૧૯૬૦-૬૧ થી ૧૯૮૯ સુધી એટલે લગભગ ૩૦ વરસ બનારસ-કલકત્તા-અમેરિકામાં ભણી, કામ કરી ખૂબ અનુભવ સાથે ૧૯૮૯માં ઉમાબહેન વેડછી પરત આવ્યાં. નારાયણભાઈ ૧૯૮૧માં ઉત્તરાબહેન સાથે વેડછી પાછા ફર્યા હતા અને સંપૂર્ણ ક્રાંતિ વિદ્યાલય શરૂ કર્યું. ઉમાબહેન અને સુરેન્દ્રભાઈ આવીને જોડાયાં એનું એક મહત્ત્વનું કારણ ઉત્તરાબહેનનું અવસાન હતું. ત્યાર બાદ ઉમાબહેન અને સંપૂર્ણ ક્રાંતિ વિદ્યાલય અભિન્ન બની રહ્યાં અને આ સાથ મૃત્યુ સાથે જ છૂટ્યો. સુરેન્દ્રભાઈ અને ઉમાબહેને લોક-સેવક તરીકે જીવનદાન કર્યું. વિદ્યાલયના અંતેવાસી, શિક્ષક અને કર્મશીલ તરીકે જીવ્યાં. નારાયણભાઈના ગયા પછી તેઓ સંપૂર્ણ ક્રાંતિ વિદ્યાલય ટ્રસ્ટના પ્રમુખ પણ રહ્યાં.

**સંઘર્ષ અને રચના**

૧૯૮૪માં યુનિયન કાર્બાઇડ, ભોપાલમાં ગેસલીકની ભયાનકતા અને ૧૯૮૬માં રશિયાના ચેર્નોબિલ અણુમથકમાંથી અકસ્માતે નીકળેલી રેડિયોએક્ટિવયુક્ત પ્રદૂષિત હવાએ માનવતાને હચમચાવી મૂકી. માણસના આર્થિક વિકાસ અને સમૃદ્ધિ માટે સ્થાપવામાં આવેલા આ ઉદ્યોગોની ભયંકર આડઅસરના ભણકારા વાગ્યા. અપમૃત્યુ, ગંભીર માંદગીઓ, જન્મજાત ખોડખાંપણ વગેરેના કિસ્સાઓ પરત્વે જાગરૂક નાગરિકોની નિસ્બત જાગી. સંપૂર્ણ ક્રાંતિ વિદ્યાલયના ડૉ. સુરેન્દ્ર ગાડેકર ભૌતિક જ્ઞાનના વિષયનિષ્ણાત અને ઉમાબહેન તબીબી જાણકાર. ગંભીર ચર્ચા-વિચારણા ચાલી. નારાયણભાઈ અને સંપૂર્ણ ક્રાંતિ વિદ્યાલય યુદ્ધ અને અણુશસ્ત્રોની વિરુદ્ધ ચાલતાં આંતરરાષ્ટ્રીય મોરચાઓ અને આંદોલનને ટેકો કરનારાં અને સક્રિય રીતે જોડનારાં. દેશમાં અણુઊર્જા દ્વારા વીજળી બનાવવાનાં મથકોને લીધે થવા પામતી અને ભવિષ્યમાં થનારી અસરોના અભ્યાસ અને તે અંગેની લોકજાગૃતિ માટે અણુમુક્તિ પત્રિકા શરૂ કરવામાં આવી.

પહેલા જ અંકના સંપાદકીયમાં ત્રણ મુખ્ય ઉદ્દેશ્યો જણાવવામાં આવ્યા. એક, આ પત્રિકા એ સૌ કમશીલો માટે છે જે દેશવિદેશમાં આવેલાં અણુમથકોના જોખમ સામે અવાજ ઉઠાવી વિરોધ કરી રહ્યા હતા. એમને સાચી અને હકીકતસભર વૈજ્ઞાનિક અને નીતિવિષયક આધિકારિક માહિતી પૂરી પાડવા સાથે, સહુ કર્મશીલો એકબીજાની સાથે આવે અને હૂંફ અનુભવે. બીજું, નાગરિકવર્ગ જે અણુમથકો વિશે શંકા સેવે છે અને જોખમ જુએ પણ નિષ્ણાતો દ્વારા બહાર પાડવામાં આવતા અઘરા સાહિત્યને સમજી શકતા નથી, તેમને માટે બને એટલી સરળ ભાષામાં વૈજ્ઞાનિક માહિતી પહોંચાડવી. ત્રીજું, અણુમથકો બાંધનાર અને ચલાવનાર નિષ્ણાતો સમક્ષ વેધક પ્રશ્નો પૂછી જવાબ માગવા.

અણુમુક્તિની આ જે યાત્રા શરૂ થઈ તેમાં ઉમાબહેન પૂરેપૂરાં ખૂંપ્યાં. કાકરાપાર દેખાવો હોય કે કુડનકુલમ આંદોલન બધે જ પહોંચ્યાં. દિવસ-રાત જોયા વગર વિરોધના કાર્યક્રમોમાં આયોજન અને અમલીકરણ બેઉમાં મોખરે. સુરેન્દ્રભાઈ બૌદ્ધિક બળ અને ઉમાબહેન કર્મબળ. આખા દેશ અને દુનિયામાં આ દંપતીની ઓળખ અણુમથક વિરોધી બૌદ્ધિક અને કર્મશીલ તરીકે ઊપસી આવી. ડૉ. સંઘમિત્રા ગાડેકર જદુગોડા, ઝારખંડની યુરેનિયમની ખાણો હોય કે રાવતભાટા, રાજસ્થાનનું અણુમથક હોય, એમાં લોકઆરોગ્ય અને પર્યાવરણ પર થનારી જોખમી અસરો વિશેનો અભ્યાસ કરનાર પહેલા તબીબ છે. સ્વયંસેવકોની ફોજ ઊભી કરી વૈજ્ઞાનિક ઢબે સર્વે કરનાર ગાડેકર યુગલ દેશમાં મોખરે છે. આ મેડિકો-ઍંથ્રોપોલોજિકલ અભ્યાસો વડે એમણે લોકો અને સરકાર સમક્ષ સર્વેમાં બહાર આવેલાં પ્રમાણ મૂક્યાં કે જેમાં અણુમથકોની પાસેની વસ્તીમાં જન્મજાત ખોડખાપણ, વંધ્યત્વ, ચામડીના રોગો અને કેન્સર જેવા રોગોનું પ્રમાણ સામાન્ય કરતાં વધારે છે. અણુમથકો પાસેથી સાચા આંકડા મેળવવાના પૂરા પ્રયાસો કર્યા અને આ મથકો જાણકારી છુપાવે છે અને દેશની સુરક્ષા અંગેની નાજુક માહિતી છે એમ જણાવી માહિતી પૂરી નથી પાડતા તે હકીકત પણ સામે લાવ્યાં.

તેઓ બંને ગુજરાત કે દેશમાં ચાલતાં અનેક લોકઆંદોલન તરફ એક નજર તો રાખતાં જ. શક્ય હોય ત્યાં મુદ્દા અને લોકો સાથે ઐક્ય દર્શાવવા જોડાતાં પણ ખરાં. સંપૂર્ણ ક્રાંતિ વિદ્યાલયમાં તૈયાર થયેલા ગુજરાતના અને ગુજરાત બહારના કર્મશીલોની અવરજવર વિદ્યાલમાં હોય જ અને આવીને સલાહ-સૂચનો માંગે અને લે. ૨૦૦૨નાં ગુજરાતનાં કોમી રમખાણોમાં બેઘર-બેહાલ થયેલા અને શિબિરોમાં રહેતા પરિવારોને મળી શાતા આપવાનું અને કોમી એખલાસ માટેના પ્રયાસો માટે સામેલ થવામાં ઉમાબહેન પાછાં નહોતાં પડ્યાં. માબાપથી વિખૂટાં પડી ગયેલાં બે બાળકોની વીતક જોઈ-સાંભળીને એવાં દ્રવી ઊઠ્યાં કે બેઉ ભાઈઓને વિદ્યાલય લઈ આવ્યાં અને એમનાં મા બનીને ઉછેરીને મોટા કર્યા. પાછળથી એનાં મા અને બહેનો મળી આવ્યાં, તેના મિલાપ માટે પણ એટલી જ જહેમત લીધી. પણ બાળકોએ નિર્ણય કર્યો કે ઉમાદીદી પાસે જ રહીને મોટા થશે. બેઉ વિદ્યાલયમાં જ ઊછર્યા. ઈમરાન ટેકનિકલ બાબતોમાં હોશિયાર હતો. શાળાએ ગયો, ભણ્યો પછી એ વડોદરા નિસર્ગોપચાર કેન્દ્રમાં જઈને માલિશના કામમાં તાલીમ પામ્યો. સરસ તૈયાર થયો અને આજે કચ્છના એક નિસર્ગોપચાર કેન્દ્રમાં માલિસ કરનાર તરીકે સેવા આપી રહ્યો છે. પરણ્યો અને એક બાળકનો પિતા છે. નાનો મોહસીન ગુજરાત વિદ્યાપીઠમાં સ્નાતક થઈ બ્રાઝીલ ગયો અને ત્યાં રોજગારી મેળવે છે. ઈમરાનને સમાચાર મળ્યા અને તરત ટ્રેન પકડી સવારે તો દીદી પાસે આવી ગયો. દીદીના નિષ્પ્રાણ દેહ પાસે પોક મૂકીને રડ્યો. એણે પાલક મા ખોઈ.



જમણેથી સુરેનભાઈ, દુઆ, ઈમરાન અને અફલાતૂનભાઈ



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

૨૦૦૨નાં રમખાણોમાં અમદાવાદના રંગાટીઓએ પણ રોજગારી ખોઈ. ત્યારે ઉમાબહેનનું ધ્યાન કપડાં રંગવા તરફ ગયું. કાંતણ તો નિયમિત કરતાં જ. 'કાંતે તે પહેરે અને પહેરે તે કાંતે'નો નિયમ તો આખી જિંદગી પાળ્યો જ. વનસ્પતિના રંગો દ્વારા કુદરતી રંગાટ પ્રક્રિયાના સફળ પ્રયોગો કર્યા. દુઆના જણાવ્યા પ્રમાણે ઉમાબહેનને પ્રાકૃતિક રંગે રંગવામાં આવેલાં ખાદીવસ્ત્ર પહેરવાની ખૂબ ઇચ્છા હતી. એવાં કપડાં ક્યાંય મળે નહીં એટલે જાતે જ રંગાટી કામમાં પડ્યાં. એક વખતે સેંકડો મીટર ખાદી પર કુદરતી રંગકામ વિદ્યાલયમાં થયું. નારાયણભાઈએ ૨૦૦૨નાં કોમી રમખાણોના પશ્ચાત્તાપ રૂપે ગુજરાત અને દેશભરમાં ગાંધીકથા આરંભી અને લગભગ દરેક કથામાં ઉમાબહેન કુદરતી પ્રક્રિયાથી રંગાયેલી ખાદી લઈ જતાં અને વેચાણ કરતાં. તે સમયમાં કોઈએ વિદ્યાલયની મુલાકાત લીધી હોય તો સ્મૃતિપટલ પર ઊકળતા ચરૂ, સુકાતાં કપડાં, સીવણસંચા પર બેઠેલી ગામની બહેન ઊપસી આવશે, સાથે જ ઉમાબહેનનો પરિચિત અવાજ કોઈ વાર ચુલા પાસેથી આવતો હોય કે ઘરના રસોડામાંથી બહાર આવીને આરોહ સ્વરૂપે સંભળાય.

ઉમાબહેને વસ્ત્રવિદ્યાના દરેક પાસાની ઊંડી સમજ કેળવેલી. જયપુરના વસ્ત્ર વિદ્યા નિષ્ણાત 'પાપાશા' અને ઉમાબહેનની વસ્ત્રવિદ્યાની કાર્યશાળાઓએ વિદ્યાલયમાં કેટલાંય ભાઈ-બહેનોને તાલીમ આપી. ઘણા કારીગરો જે કામ વગરના થઈ ગયા હતા એમને રોજગાર મળતો થયો. એ જ સમયગાળામાં વાંસકામ માટે ભાઈ અશોક કોટવાળિયા અને તેની પત્ની પણ વિદ્યાલય પરિસરમાં વાંસકામ કરવા નિયમિત આવવા લાગ્યાં. ઉમાબહેન આર્કિટેક્ટ-ડિઝાઈનર બિનીતા પંડ્યા સાથે નવી ડિઝાઈનનો વિચાર કરે, ફર્નીચર બનાવવાના પ્રયોગો કરે અને કરાવે. આમ ગ્રામોદ્યોગના પ્રયોગો અને ઉત્પાદનનો એક નાનો પણ ખૂબ અસરકારક ગાળો ગયો. એક વિશેષ ઉલ્લેખ કરવો જ પડે. ખાદીની દુનિયામાં ભેળસેળનો પ્રવેશ તો ક્યારનો જ થઈ ગયો હતો. પણ ઉમાબહેને અંબર ચરખો પણ પાસ ન કર્યો. પેટી રેંટિયો જ કાંત્યો અને કંતાવ્યો. પેટી રેંટિયા પર કાંતણ યજ્ઞ તો છેલ્લે સુધી ચલાવ્યો. જરૂર પડી તો તે માટે ખાસ નિલગીરીના સ્થાનિક વૃક્ષમાંથી પેટી વગરનાં કિસાનચક્ર બનાવડાવીને સહજ સુલભ કર્યાં. મુ. તરલાબહેન વિદાય વેળાએ બોલ્યાં 'સમૂહ કાંતણમાં ઉમા જોડે કાંતીને આંટી બનાવેલી તે દીકરીની વિદાય માટે કાઢી.' નારાયણભાઈએ પેટી રેંટિયાના કાંતણને ચક્રોપચાર કહ્યું હતું અને એ ઉપચાર ઉમાબહેને પણ પહેલા સ્ટ્રોક પછી સફળતાપૂર્વક કર્યો. બીજા સ્ટ્રોક પછી પણ એ દિશામાં જ હતાં. ગુજરાતમાં ગાંધી માર્ગે વસ્ત્રવિદ્યા અને ગ્રામોદ્યોગના ક્ષેત્રે સફળ પ્રયોગો કરનાર વ્યક્તિઓની ગાંધીના ગયા બાદની પેઢીમાં ઉમાબહેનનું નામ મોખરે છે.



### સંપૂર્ણ ક્રાંતિ વિદ્યાલયની અંતેવાસી અને મા

૧૯૮૯માં ઉમાબહેન અને સુરેન્દ્રભાઈ કાયમી વસવાટ કરવા માટે વેડછી આવ્યાં એની પાછળ એક મહત્ત્વનું કારણ ઉત્તરાબહેનનું અવસાન પણ હતું. વેડછીમાં નારાયણભાઈ એકલા પડ્યા. દીકરી ઉમા સુરેન્દ્ર અને દુઆ (ચારુસ્મિતા)ને લઈ કાયમ માટે વેડછી આવી. ઉત્તરાબહેનનો વારસો તો ખરો જ અને ઉમા વિદ્યાલયની મા બની. ૧૯૮૯ થી ૨૦૨૫, જીવનના ૩૫ વરસ કંઈ ઓછા નથી હોતા ! ઉમાબહેને જીવનનાં આ ૩૫ વરસ સં.ક્રાં. વિદ્યાલયને સમર્પિત કર્યાં. સાબરમતી આશ્રમના મગનલાલ ગાંધી જોઈ લો અને વિદ્યાલયનાં ઉમાબહેન. વળી માની કુમાશ અને સ્ત્રીસહજ ઋજુતા તો જોવી જ રહી. ગૃહિણી, મા, શિક્ષક, મિત્ર, જ્વલંત કર્મશીલ એ તમામ ભૂમિકાઓ એક પાત્રમાં વણાઈ ગઈ. વળી સ્વાધ્યાય ચૂકી ન જવાય. સુરેન્દ્રભાઈ અને ઉમાબહેન પુસ્તકો મંગાવે, વાંચે, વંચાવે અને ચર્ચાઓ થાય.

વિદ્યાલયમાં પ્રશિક્ષણ શિબિરો થાય, તે વિદ્યાલય સ્થાપનાનું એક મુખ્ય ધ્યેય. જયપ્રકાશ નારાયણે 'સંપૂર્ણ ક્રાંતિ'નું સૂત્ર આપ્યું પણ એનું ક્લેવર શું ? એ ઘડાયું વિદ્યાલયમાં. સંઘર્ષ, રચના, સ્વાધ્યાય, પ્રશિક્ષણ. સમૂહ જીવન, ઉત્પાદક શ્રમ અને વિચાર સૂત્ર - ત્રણેય પ્રશિક્ષણનાં અંગ. સંપૂર્ણ ક્રાંતિને સમજવા, અભ્યાસ કરવા માટેની જંગમ વિદ્યાપીઠ એટલે સં.ક્રાં. વિદ્યાલય. એના કુલગુરુ નારાયણ દેસાઈ ખરા, પણ મહામાત્ર તો ડૉ. સંઘમિત્રા ગાડેકર ઉર્ફે ઉમાબહેન. વિદ્યાલયમાં કોઈ ડિગ્રી, ડિપ્લોમા કે સર્ટિફિકેટ નહીં; માત્ર પસાર થવાનું અને જેટલું નીખરી શકાય તેટલો નીખરવા પૂરતો અવસર. કાંતણ, વણાટ, રંગાઈ, વસ્ત્ર સીવણ, ખેતી કામ, બાગબાની, રસોઈ અને સફાઈ એ બધાને ગોઠવવાનું કામ ઉમાબહેનનું. ૨૦૦૬ના અરસામાં ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદના અમે થોડાક મિત્રો નારાયણભાઈને વિનંતિ કરવા આવ્યા કે તેઓ ગૂજરાત વિદ્યાપીઠના કુલપતિ બની માર્ગદર્શન આપે. ચર્ચાઓમાં ઉમાબહેન હાજર અને સક્રિય. એમણે ઘણી નિસ્બતો વ્યક્ત કરી હતી. આ જવાબદારીમાં શ્રમ, મુસાફરી અને કામ એ બધાં વિશે ઝીણવટથી પૂછપરછ કરી હતી, મા દીકરાને બહાર મોકલે ત્યારે બધી તપાસ કરે એવી જ તપાસ હતી.

નારાયણભાઈ કોનું કેટલું સાંભળતા એ વાત વેગળી પણ ઉમાબહેન બધું પાકું કરે. દીકરાને વઢે તેમ પિતાને પણ વઢી શકતાં. નારાયણભાઈએ કુલપતિપદ સ્વીકાર્યું અને આવીને જોયું કે શિક્ષકો ગાંધીવિચાર અને અભ્યાસ બેઉમાં કાચા પડે એમ છે. ત્યારે શરૂ થઈ શિક્ષક પ્રશિક્ષણ શિબિરો. આ શિબિરોમાં હું પૂરા સમય માટે રહેતો. ઉમાબહેનના વ્યક્તિત્વનાં તમામ પાસાં ત્યારે ઊંડાણપૂર્વક જાણવા મળ્યાં. મને એક લાભ. હું મુન્નુ એટલે કે નચિકેતાનો મિત્ર, મારા પ્રત્યે એ જ ભાવ અને એમ એ મારી પણ દીદી. નાના ભાઈની સમજ કાચી પડે અને ક્યાંક બરાબર ન થાય તો વઢે તો ખરાં સાથે એ ધ્યાન પણ રાખે જ, 'સુદર્શન, સબ ઠીક હૈ ન ?' એવું આવે જ. નચિકેતાની વાત નીકળી છે તો જણાવું કે મુન્નુ અને ઉમાબહેન વચ્ચે એક જુદું જ બંધન. એના પ્રતિ ઉદાર, પ્રેમાળ અને કઠણ ત્રણે. દિલથી અને તીવ્ર ભાવનાના ઉદ્વેગોમાં જીવવાવાળો મુન્નુ, ઘણી વાર દિલનું જ સાંભળે, દિમાગને કોરાણે મૂકે અને દુઃખી થાય. મોટી બહેન નારાજ થાય, વઢે. પણ એને કંઈ મુશ્કેલી પડી તો બધાં કામ પડતાં મૂકીને દોડી જાય. આમ મુન્નુની પણ એ બહેન અને મા બેઉ. એવું જ બંધન નાના ભાઈ અફલાતૂન ઉર્ફે આફલૂ સાથે. આફલૂ તો જન્મ

(જુઓ પાન નં. ૨૨)



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# પ્રેમાળ, સંવેદનશીલ, કર્મશીલ દીકરી - પુસુ

**જ્યા**રે અમારા પરિવાર પર દુ:ખનો અંધકાર છવાઈ ગયો હતો ત્યારે પુસી એટલે કે ઉમા – મારી બહેન ઉત્તરા અને નારાયણભાઈ દેસાઈની દીકરી – અમારા જીવનમાં રોશની બનીને આવી. ઉંમરમાં મારાથી એ સાડા નવ વર્ષ નાની અને હું એની માસી બની ગઈ હતી ! મારા માટે એ જાણે ઢીંગલી જેવી હતી, જેની સાથે હું રમી શકતી. અમારા ચૌધરી પરિવારની એ પેઢીમાં એ ચોથું સંતાન હતી. ૧૯૫૦માં જ્યારે અંગુલ (ઓરિસ્સા)માં સર્વોદય સંમેલન ભરાયું ત્યારે આ ચારની ટીમની આગેવાની અમારી મોટી બહેનનો દીકરો બાબુલી (જ્ઞાનદેવ) કરતો. પછીથી આ ટીમમાં પુસુનો નાનો ભાઈ મુન્નુ – નચિકેતા દેસાઈ અને બાબુલીના નાના ભાઈનો સમાવેશ થયો. દરેક પારિવારિક મિલન, વિશેષરૂપે સર્વોદય સંમેલનમાં આ છની ટીમ જોડાઈ જતી. તે વખતે આ બાળકોને સાચવવાં અને એમની સાથે રમવું મારા માટે એક અત્યંત આનંદદાયક અનુભવ બની રહેતો.

મારી બહેન ઉત્તરાને જ્યારે ફક્ત ૨૭ વર્ષની નાની ઉંમરમાં ડાયાબિટિસ થયો ત્યારે પુસુ સાત અને મુન્નુ ચાર વર્ષનો હતો. દીદી ત્યારે ખૂબ બીમાર રહેતાં એટલે સ્વાભાવિક રીતે જ આ બંને બાળકોની જવાબદારી મારા પર આવી. એ લોકો લાંબો સમય મારી પાસે જ રહ્યાં. મુન્નુ બહુ તોફાની હતો અને ઘણી વાર પુસુને હેરાન કરતો. અમારા બાપી (પિતાજી) એટલે કે નબકૃષ્ણ ચૌધરી જ્યારે ઓડિસાના મુખ્યમંત્રી હતા ત્યારે અમે બધા ભુવનેશ્વરમાં રહેતા. દીદીની તબિયત થોડી સુધરતાં તે પોતાનાં સાસુની બીમારીને કારણે એમની દેખભાળ માટે ગુજરાત જતાં રહ્યાં અને બંને બાળકો અમારી સાથે ભુવનેશ્વર જ રહ્યાં. તે વખતે પુસુ એની મીઠડી બોલીમાં અમને કવિતા અને વાર્તાઓ સંભળાવ્યા કરતી.

સાત વર્ષની ઉંમરમાં જ એ ગુજરાતી, ઓડિયા, થોડી-ઘણી બાંગલા અને હિંદી બોલવા લાગી હતી. પછીથી તો એ ચારે ભાષામાં પારંગત થઈ ગઈ અને શાળા-કૉલેજના શિક્ષણ દરમ્યાન અંગ્રેજી પણ શીખી ગઈ. ભાષા શીખવાની આવડત એને પોતાની મા પાસેથી મળી. નાનપણમાં બનારસની ભોજપુરી બોલી અને ગુજરાતની ચૌધરી બોલી તો જીવનભર બહુ સહજતાથી બોલી શકતી. લગ્ન પછી મરાઠી બોલવા, લખવા, વાંચવાનું પણ શીખી લીધું.

લગભગ સાત-આઠ વર્ષની હશે ત્યારે એક વાર રજાઓમાં અંગુલ આવી તો કવ્વાલી ગાવા લાગી – 'एक तरफ है मंदिर और दूसरी तरफ है मस्जिद.... मंदिर-मस्जिद अलग-अलग है पर दोनो का पथ्थर एक है ।... एक तरफ है धोती और दूसरी तरफ है लूंगी... धोती-लूंगी अलग-अलग है पर दोनों का धागा एक है ।' એના માસાજીએ એની પાસેથી આ કવ્વાલી શીખીને પોતાના ટ્રેનિંગ સેન્ટરમાં શીખવાડી અને બહુ ગર્વથી કહેતા – 'હું આ કવ્વાલી મારી નાની ભાણેજ પાસેથી શીખ્યો છું.'



ક્રિષ્નામાસી સાથે મુન્નુ અને પુસુ (ઉમાબહેન)

એનું પ્રાથમિક શિક્ષણ પહેલાં ગ્રામશાળા – વેડછી અને પછી વડોદરામાં થયું. 'ભૂમિપુત્ર'ના સંપાદક હોવાને કારણે નારાયણભાઈ વડોદરા રહેતા અને તબિયતને કારણે ઉત્તરાબહેનને પણ ત્યાં જ રહેવું પડ્યું. વડોદરામાં જ દીદીના ત્રીજા દીકરા-અફલાતૂનનો જન્મ થયો. ત્યારે દસ વર્ષની પુસુ બહુ સમજદાર બની ગઈ હતી. માને કામમાં મદદ કરતી અને ભાઈઓની સંભાળ પણ રાખતી. એક વર્ષ પછી નારાયણભાઈ સપરિવાર બનારસ રહેવા ગયા ત્યારે પુસુ અને મુન્નુ – બંનેએ રાજઘાટની બેસન્ટ સ્કૂલમાં એડમિશન મેળવ્યું. બેસન્ટ સ્કૂલમાં પુસુ શિક્ષણ સાથે ભરતનાટ્યમ્ શીખી અને ગુરુ રાજારામની પ્રિય શિષ્યા બની ગઈ. સ્કૂલનું ભણવાનું પત્યા પછી એ જ્યારે પ્રિ-પ્રોફેશનલ શિક્ષણ માટે અંગુલ આવી તો એ ઓડિસી નૃત્ય પણ શીખી. અને મંચ પર પ્રશંસાપાત્ર રજૂઆત પણ કરી. પછીથી એણે તબીબી શિક્ષણ માટે કોલકતાની મેડિકલ કૉલેજમાં એડમિશન લીધું.

૧૯૭૦માં હું જ્યારે ઇંડોનેશિયા જવા વીઝાના કામ માટે કલકત્તા ગઈ તો એ મને દરેક પ્રકારે મદદરૂપ થઈ. જ્ઞાનની સાથે લોકો પ્રત્યે જવાબદારીની એની ભાવના કેટલી બધી વધી ગઈ છે તે જોઈને હું તો મુગ્ધ થઈ ગઈ ! દરેક માટે એ સંવેદનશીલ તો હતી જ પરંતુ ઉંમરના હિસાબે એ મારાથી વધારે પરિપક્વ બની ગઈ હતી. જિંદગીભર એણે પોતાની વ્યાવસાયિક કે સામાજિક જવાબદારી બખૂબી નિભાવી. જરૂર પડી ત્યારે પોતાનાં નાના-નાની, બા-બાબુભાઈ (પિતા), સાસુ-સસરા, મામા-મામી, માસા-માસી, ભાઈ-બહેન બધાંને મદદ કરવા દોડી જતી. એને જ્યારે અમારા દીકરાના એક્સીડન્ટમાં અવસાન થયાના સમાચાર મળ્યા તો એક મહિનાની નાની દીકરી દુઆ (ચારુ-સ્મિતા)ને લઈને બનારસથી કટક આવી ગઈ. તેના પતિ ડૉ. સુરેન્દ્ર ગાડેકરે હંમેશા તેને સાથ આપ્યો. દરેક કામમાં બંને હંમેશા એકબીજાના દોસ્ત અને તાકાત બની રહ્યાં.

પોતાની મા ઉત્તરાબહેનના અવસાન પછી પુસુ અને સુરેન એમના પિતા બાબુભાઈ સાથે રહેવા માટે સંપૂર્ણ ક્રાંતિ વિદ્યાલય, વેડછી, ગુજરાત આવી ગયાં. ત્યાં તેણે વિદ્યાલયની જવાબદારી સંભાળી. એની સાથે સાથે અણુઊર્જાની ગંભીર અસરો વિશે લોકોને જાણકારી આપવા માટે સંબંધિત જગ્યાના સર્વે કર્યા, રિપોર્ટ બનાવ્યા. અણુમથકથી દુષ્પ્રભાવિત ક્ષેત્રની ફિલ્મ બનાવી, શાળા-કૉલેજોમાં



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

ફરીને ફિલ્મ પ્રદર્શન કરી લોકોને જાગૃત કર્યા. અણુમુક્તિ નામની પત્રિકા પણ હિંદી અને અંગ્રેજીમાં પ્રગટ કરતાં.

સંપૂર્ણક્રાંતિ વિદ્યાલયમાં કાર્યકર્તા પ્રશિક્ષણ માટેના શિબિરોમાં દેશ-વિદેશના શિબિરાર્થી આવતા એની બધી વ્યવસ્થા સંભાળી. નારાયણભાઈએ પાછલાં વર્ષોમાં ગાંધીકથા કરવાનું શરૂ કર્યું તો એનું સંકલન પણ પુસુ જ કરતી. નારાયણભાઈની મુંબઈમાં ઓપન હાર્ટ સર્જરી થઈ તો બધી જવાબદારી - વ્યવસ્થા પુસુએ સંભાળ્યાં. ત્યારે અમારાં મા મરણપથારીએ હતાં તેથી આવી પરિસ્થિતિમાં અમે એકબીજા પાસે ન જઈ શક્યાં. જ્યારે કે અમારા પિતાજીના અંતિમ સમયે એ જ સાથે હતી અને છેવટ સુધી હાર્ટ રિવાઈવલની કોશિશ કરતી રહી.

મારાં બહેન - ઉત્તરાબહેન મારી પાસે દિલ્હી આવ્યાં હતાં ત્યારે એમને હાર્ટ ઍટેક આવ્યો, તો અમે એમને એઇમ્સમાં દાખલ કર્યાં. પુસુ ત્યારે બનારસ હતી. સમાચાર મળ્યા એટલે તરત નાના ભાઈ અફલાતૂનને લઈને સાંજ સુધીમાં આવી પહોંચી. દીદીના અંતિમ સમયે એ જ સાથે હતી. એના માસાજીને ન્યૂમોનિયાને કારણે હૉસ્પિટલમાં દાખલ કર્યા છે, એ સમાચાર મળતાં જ રિઝર્વેશન વગર ટ્રેન બદલતાં-બદલતાં સુરતથી કટક આવી પણ અંતિમ સમયે પહોંચી ન શકી. જોકે અંત્યેષ્ટિમાં હાજર રહીને મારી અને એનાં નાનાં ભાઈ-બહેનની ખૂબ સંભાળ રાખી. એના બંને નાના ભાઈઓની ઓપન હાર્ટ સર્જરી થઈ તો ત્યાં દેખભાળ રાખવા માટે એની હાજરી જરૂરી. મુશ્કેલીમાં એ અમારી હિંમત હતી. ફક્ત અમારો પરિવાર જ નહીં પણ એના સ્નેહીજનોનો પરિવાર (એક્સટેન્ડેડ ફેમિલી) બહુ વિશાળ હતો. એનું દિલ વિશાળ હતું. બધાં જ માટે કોઈ પણ અપેક્ષા વગર બધું કરી છૂટતી. એની આર્કિયોલોજિસ્ટ દીકરી દુઆ પણ દરેક કામમાં પોતાની માની જેમ હોશિયાર-નિપુણ છે. જે દિવસે એને હાર્ટ ઍટેક આવ્યો ત્યારે એ એકલી જ પોતાની મા પાસે હતી. એ પણ કેવી કરુણતા કે સુરેન છેલ્લાં ઘણાં વર્ષોથી પુસુને છોડીને ક્યાંય બહાર જતા નહોતા, તે એક દિવસ પહેલાં જ એક સેમિનાર માટે કેરળ ગયા હતા.

વેડછી ગામના લોકો ઉમાને કેટલો પ્રેમ કરતા એ તો એની અંત્યેષ્ટિમાં દેખાઈ આવ્યું. રાત્રે એના અવસાનના સમાચાર મળતાં જ ગામના પારંપરિક રીત-રિવાજ મુજબ અંતિમ સંસ્કાર વખતે લગભગ બસો લોકો સવારમાં પોતાની દીકરીને આખરી વિદાય આપવા ભેગા થયા હતા.

એક ખૂબ જ પ્રેમાળ, જીવમાત્ર પ્રત્યે સંવેદનશીલ, વિચારોમાં સ્પષ્ટ, ક્રિયાશીલ અને નિર્ભય દીકરી માટે અમે સૌ ગર્વ અનુભવીએ છીએ. પણ નારાજ પણ છીએ. અમારાથી દસ વર્ષ નાની અમને છોડીને આગળ કેવી રીતે જતી રહી ! મુન્નુ તો એનાથી પણ નાનો હતો, તે પણ બે વર્ષ પહેલાં છોડીને જતો રહ્યો ! આ પૃથ્વી પરનું સૌથી મોટું સત્ય છે કે આ સવાલ આપણે કોઈને નથી કરી શકતા - વિધાતાનું વિધાન છે એમ માનીને સ્વીકારી લઈએ છીએ.

આમિન ! ૐ શાંતિ !

અંગુલ, ઓરિસ્સા — **ક્રિષ્ના મહંતિ**

(મૂળ હિંદી પરથી ટૂંકાવીને)

# ઉમાબહેનને યાદ કરતાં...

**ના**નુભાઈ મજમુદાર એ મારા પિતાજી (ડૉ. મનહર પંડ્યા)ના મિત્ર અને નારાયણભાઈના પણ મિત્ર. એ પરિચયને કારણે જ્યારે એ બે-ચાર વર્ષના સમયગાળામાં નારાયણભાઈ બનારસથી વેડછી આવતા ત્યારે અમારા સુરતના ગોપીપુરાના ઘરમાં રોકાતા. આમ એમની અવરજવર શરૂ થઈ. અમે ભાઈ-બહેન તે વખતે બહુ નાનાં. દેશ-વિદેશના અવનવા મહેમાનો અમારે ઘરે આવતા. અમે એમની રાહ જોતા કે કશુંક નવું શીખવા મળશે, નવી વારતાઓ મળશે. તે વખતે હજુ ઉમાબહેનને મળવાનું થયું ન હતું. હા, સુરેન્દ્રભાઈ સાથે પરિચય થયો હતો. તેઓ પણ 'અણુમુક્તિ'ના કામ માટે સુરત આવતા, ત્યારે અમારે ત્યાં રોકાતા. એમની સાથે નવા નવા પ્રયોગોની નવી નવી વાતો મળતી.

ઉમાબહેનને સૌથી પહેલાં મળવાનું થયું ૧૯૮૪ની સાલમાં. હું અને મારી બહેન નીતા બે દિવસ માટે વેડછી ગયાં હતાં. ત્યારે ત્યાં શિબિર ચાલતી હતી અને એમના આગ્રહથી અમે ૧૦ દિવસ માટે શિબિરમાં જોડાઈ ગયાં. સંપૂર્ણ ક્રાંતિ વિદ્યાલયનો એ મારો પહેલો અનુભવ હતો. એ વખતે ખેતી આધારિત જીવન. શહેરનું જીવન-શહેરની સમજ અને ગામની વ્યવસ્થા વચ્ચે ખૂબ અંતર હતું. ત્યારબાદ કૉલેજમાં મને એક બીજા ગુરુ મળ્યા જે સાને ગુરુજીના શિષ્ય હતા - નાગેશ પીંગળે. અમારા એસ્થેટીક્સના શિક્ષક. એમને બહુ રસ પડ્યો કે, 'અરે, તું વેડછી જાતી હૈ ? નારાયણભાઈ સે મિલતી હૈ ? હરિપુરા દેખા હૈ ? - આને કારણે મને સહજ જ મારો જે વારસો હતો કે એક જોડાણ હતું એને માટે આસ્થા ઊભી થઈ.

ત્યારબાદ મારા આર્કિટેક્ચરના અભ્યાસના છેલ્લા વર્ષમાં ડિઝાઈન થિસીસમાં 'સંપૂર્ણ ક્રાંતિ વિદ્યાલયના કેમ્પસની ડિઝાઈન' એ વિષય મેં પસંદ કર્યો - આ વાત હતી ૧૯૮૮ની. તે વખતની સ.ક્રાં.વિ.ના વિચાર અને સંપૂર્ણ ક્રાંતિની સમજ તેમજ આજની સમજમાં ફેર છે - તેણે સમયાનુસાર સિદ્ધાંત પર અડગ રહીને તાલમેલ રાખ્યો છે. સતત બદલાવ એ એની જરૂરિયાત હતી. એની ગતિ કદાચ મંદ પડી હશે - શિબિરો - વિચાર શિબિરો ઓછા થયા હશે પણ એ કદી સુષુપ્ત નથી થયું. સંપૂર્ણ ક્રાંતિ વિદ્યાલયમાંથી જે વિચારો ઊભા થાય છે તે અહીં બેઠેલ જે કોઈ સંકળાયેલ વ્યક્તિઓ છે તે બધા જાણે છે કે કેવી રીતે એ પ્રેરણાનો સ્રોત રહ્યું છે.



ડાબી બાજુથી બિનિતા, શ્રીધર, ઉમાબહેન

ઉમાબહેન સાથે કામ કરવાની તક ઊભી થઈ સુરતમાં ૧૯૯૪ના કહેવાતા પ્લેગ વખતે. જે સર્વે થયા હતા તેનો અભ્યાસ કરી રહ્યાં હતાં. એક-એક વસ્તુને ઝીણવટથી જુએ. સર્વે એટલે એમ



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

નહીં કે ક્રોસ-સેક્શનમાં આપણે સેમ્પલ લઈ લીધા અને તારણ પર આવી ગયા. ત્યારબાદ માસ્ટર્સના થિસીસમાં મેં જ્યારે Rural Housing of Valod એ વિષય પસંદ કર્યો ત્યારે મને ઉપરની શીખ ખૂબ કામ લાગી.

પછી ૧૯૯૮માં નારાયણભાઈનો એક પોસ્ટકાર્ડ મળ્યો. લખ્યું હતું, 'અમે જુ.કાકા અંગેનું મ્યુઝિયમ બનાવવાનો વિચાર કરીએ છીએ. એની પહેલાં વેડછીમાં ૫૦મો ગાંધીમેળો છે, તે માટે તું આવ. અને અહીંની વ્યક્તિઓ - ચર્ચાઓને સમજ.' તે પછી ૨૦૦૧માં ધરતીકંપ અને ૨૦૦૨નાં રમખાણો એ બધું કારણ બન્યું, એક એવા સંવાદ અને શિક્ષણનું કે ધીરે ધીરે હું મારા વ્યાવસાયિક અહમ્ (Professional Pride)ને પિગાળતી ગઈ. હું જોતી હતી કે આટલા ભણેલા અને આસાનીથી કોઈ જગ્યાએ સારી પોસ્ટ પર બેસીને આરામની જિંદગી જીવી શકે એવા લોકો એટલા સમરસ થઈને કામ કરી રહ્યા છે અને પોતાની જાતને જુદા જુદા રોલમાં ઢાળી રહ્યા છે!

ગાંધીમેળા હોય કે પોખરણ ટેસ્ટ - સરસ મજાનાં પોસ્ટર અને સ્ક્રીન પ્રિન્ટ અહીં જ થઈ જતાં. સુરેનભાઈ, ઉમાબહેન જાતે કરતાં. મારા માટે આ બધું બહુ નવું હતું. કારણ કે અમારા ડિપાર્ટમેન્ટ - આર્કિટેક્ચરમાં આવી ટ્રેનિંગ કદી અપાઈ જ ન હતી ! રચનાત્મક કામ, જાત મહેનતની વાતો અને ઉદાહરણ જે ગાંધીની વાતોમાં આવતાં - તે અહીં તાદૃશ્ય જોવા મળ્યું. સં.ક્રાં.વિ.માં રસોડું ચાલતું તો રસોડામાં ગોળને શું કહેવાય તે જુદા જુદા પ્રદેશમાંથી આવેલા મિત્રો જે અનેક ભાષાઓ બોલતા તે કહે. મારું ભાષાજ્ઞાન કમજોર હોવા છતાં એ જાણવા મળ્યું અને હું નવાઈ પામતી કે ભારત કેવો બહુરંગીય દેશ છે. ઘઉં ખાવા કે ચોખા, પ્રોટીન ક્યાંથી મળે એવી અનેક વાતો થતી જે જાણકારી વધારતી. જીવન વિશેનું જ્ઞાન આપતી - સહજતાથી.

વર્ષ ૨૦૦૧માં કચ્છના ભૂકંપ પછી અમે નીલપરમાં વાંસનાં ઘરો (ટેમ્પરરી શેલ્ટર) બાંધવાનું નક્કી કર્યું. વેડછીની આજુબાજુના વિસ્તારમાંથી વાંસ ભેગા કર્યા. અહીંના સ્થાનિક મિત્રો એ કામમાં જોડાયા અને પોતાના વાંસ પણ આપ્યા. અહીં એક સેમ્પલ હાઉસ બનાવ્યું. એનો ખર્ચ કેટલો થશે ? લોકો જાતે કરે તો કેટલા પૈસા બચે ? જેથી વધુ લોકોને ફાયદો થાય. ત્યાં પહોંચ્યાં ને જોયું કે અહીં તો નકરો પથ્થર છે. અમને ફાળવાયેલ જગ્યા પર લોકો પથ્થર પર જ રહેતા હતા. અને અહીં તો અમે માટીમાં ઘરો બનાવેલાં. પથ્થરમાં ખાડો કરવો, વાંસની આજુબાજુ ડામર લગાવી, દોરી બાંધી, રેતી-સિમેન્ટ નાંખીને વાંસ ઊભા કરવા એ એક જુદો જ અનુભવ હતો. આ જમીન અને આબોહવામાં વાંસ કેટલા ચાલે - વગેરે પ્રશ્નો પણ હતા. પણ અમે જોયું કે HUDCO અને સરકારે આપેલાં કામચલાઉ ઘરો કરતાં તો આ મકાનો વધુ રહેવા લાયક હતાં. એક ડૉક્ટર અને આર્કિટેક્ટ સાથે મળીને વિકલ્પો શોધી રહ્યા હતા અને બે કદમ આગળ હતા.

૨૦૦૨માં ઇમરાન અને મોહસીન સ.ક્રાં.વિ.માં આવતાં વાત શરૂ થઈ શિક્ષણની. તો એમાં પણ ઊંડાં ઊતર્યાં. જે કામ સામે આવ્યું તેમાં મથવાનું, રસ્તો કાઢવાનો એ સતત જોવા-શીખવા મળતું રહ્યું, ઉમાબહેન અને અહીંના મિત્રો પાસેથી. ૨૦૧૧-૧૨માં હું મનોમંથનમાં હતી. ૨૦૧૧માં વિદ્યાલયમાં મકાનોની મરમ્મત હાથમાં લીધી હતી. અશોક કોટવાડીયા વાંસના ફર્નિચર બનાવવા માટે આવ્યા હતા. દીવાલોની ઈંટો ઉતારીને ફરીથી ચણવાનું કામ અમે બધાંએ જાતે કર્યું. સુરેનભાઈ, હું, અશોક, જર્મન વિદ્યાર્થી મેથ્યાસ અમે બધાં મચી પડતાં. બાંધકામ, ફ્લોરીંગ અને રંગકામ બધું જાતે જ કર્યું. કરકસર, બગાડ નહીં એવી બાબતો કેન્દ્રમાં હતી. નારાયણભાઈએ મને કહ્યું હતું કે મારું મકાન ૫ લાખ રૂપિયાથી વધારેમાં બનશે તો હું એમાં રહેવા નહીં જાઉં. આને કારણે મકાન કુદરતી રીતે ઠંડું રહે (Natural Cooling) તેનો એક પ્રયોગ પડતો મૂકવો પડ્યો હતો. છાપરા માટેનાં લાકડાં હોય કે નળિયાં બધી ગણતરી, વ્યવસ્થા જાતે જ કરવાની. સિમેન્ટની નકામી પડેલી પાઈપમાંથી કોલમ બનાવવો એ કદાચ સામાન્ય વાત લાગે પણ સુંદરતાને પ્રાધાન્ય આપવું કે કરકસર અને સાદાઈને - આવા અનેક પ્રશ્નો મનમાં ઘૂમરાતા. મારા માટે એ સમજવું જરૂરી હતું કે શહેરમાં (અને હવે તો ગામડામાં પણ) રહેણી કરણી - દેખાવ માટે કેટલા નકામા ખર્ચા થતા હોય છે!

૨૦૧૨ પછી ઉમાબહેનનું સૂત્ર બન્યું -રોટી, કપડા, મકાન. આમાં આત્મ-નિર્ભરતા આવે તે માટે શું કરવું? ઓછા પૈસામાં કેવી રીતે ચલાવવું? પૂછે કે તારું કેટલામાં ચાલે છે? શાકભાજીનો ખર્ચ કેટલો? સસ્તાં ક્યાંથી મળે? કેટલા રૂપિયામાં જીવી શકાય? આવા અનેક પ્રશ્નોની આપ-લે થતી. બીજો મુદ્દો હતો, લોકોને કેવી રીતે ભેગા કરવા? ભેગા રાખવા? નારાયણભાઈ પણ આ વાત કહેતા કે દરરોજ એક મિત્ર બનાવવો અને ત્રણ નવી વાત શીખવી. શીખવી એટલે પરસ્પરતાથી. તમે કોઈને આપવા પણ તૈયાર છો અને લેવા પણ.

ઓછા પૈસે જીવવાની વાતમાંથી અથાણાની શિબિરો પણ કરી. ઉમાબહેને તો બ્રેડ, સૂપ, સલાડ શીખવાની પણ શિબિર કરી. બેસીને બધાં ગપ્પાં મારે. એમ આત્મીયતા બંધાય. એકબીજા સાથે વાતો, શીખવું, સમજ વધારવી - એમ ગૃપ પણ મોટું થાય, એકબીજાની ઓળખ વધે. અત્યારે આપણે જોઈએ છીએ કે આ વસ્તુ સમાજમાંથી જઈ રહી છે, કોઈને એકબીજા સાથે વાત કરવાની જાણે ફુરસદ જ નથી - એકબીજા સાથેના સંબંધો ઓછા થઈ રહ્યા છે ત્યારે આ પ્રક્રિયા બહુ મહત્ત્વની લાગે છે. છેલ્લાં વર્ષોમાં થયેલા શિબિરોમાં એક જાતની સ્વતંત્રતા જોવા મળી. અગાઉ પણ તે હતી જ. પણ અહીં તો યુવાનોને જ કહેવાય, તમારે શું કરવું છે તમે નક્કી કરો, નિયમ પણ તમે જ બનાવો અને તેનું પાલન કરો. જૂના સમયમાં કડકાઈ હતી એવું નહીં પણ આ નવા સમયની જરૂરિયાત હતી. શિક્ષણ એવું હોવું જોઈએ જે આત્મનિર્ભર બનાવે અને માણસના હાથમાં કમ સે કમ એક હુન્નર હોવો જોઈએ, જેથી એ જીવનમાં કામમાં આવે અને આધ્યાત્મિકતા પણ જળવાઈ રહે.

આવનારા સમયમાં આવી જ સમજ સાથે રોટી, કપડા, મકાન, શિક્ષણ અને આત્મનિર્ભરતા વગેરે મુદ્દાઓને ધ્યાનમાં રાખીને રચનાત્મક કાર્યક્રમો કરીશું જેથી વધુ ને વધુ લોકો જોડાઈ શકે.

સુરત, મો.: ૯૮૨૫૧૨૬૩૪૩ **- બિનિતા પંડ્યા**

(ઉમાબહેનની સ્મરણાંજલિ સભામાં આપેલ વક્તવ્ય. લેખિકા વ્યવસાયે આર્કિટેક્ટ છે અને સંપૂર્ણ ક્રાંતિ વિદ્યાલયનાં ટ્રસ્ટી છે.)



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# ઉમાબહેન સ્મરણાંજલિ સભા

**એ**ક સંવેદનશીલ હૃદય લઈને માણસ જન્મે અને તેને વાતાવરણ પણ તેવું જ મળે તો એ હૃદય એની પાસે શું શું કરાવે તેનું ચિત્ર કોઈ ચિત્રકાર દોરે તો ઉમાદીનું ચિત્ર દોરાય ! ૭૬ વર્ષની જિંદગીમાં અનેક કામો કર્યાં. કેટલાંક સહજ રીતે, કેટલાંક માનવધર્મ તરીકે, તો કેટલાંક પરિસ્થિતિવશ. ઉમાદી એક વિશેષ વારસો લઈને જન્મ્યાં હતાં. મહાદેવભાઈ દેસાઈ અને દુર્ગાબાની પૌત્રી. નારાયણ દેસાઈ અને ઉત્તરાબહેન જેવાં જાજરમાન મા-બાપની દીકરી, તો મોસાળ પક્ષે નબકૃષ્ણ ચૌધરી - માલતીદેવીની દોહિત્રી. વૈચારિક ભાતું અને સંવેદનશીલ હૃદય. પોતાને યોગ્ય લાગ્યું તે અચકાયા વિના, ડર્યા વિના કર્યું અને અનેકોને પ્રેરણા આપતાં ગયાં.

ટૂંકી માંદગી બાદ ઉમાબહેને અચાનક વિદાય લીધી. તેમને સ્મરણાંજલિ આપવા ગાંધી વિદ્યાપીઠ વેડછી ખાતે તા. ૪-૫-૨૦૨૫ના રોજ સભા ભરાઈ તેની ટૂંકી નોંધ અહીં આપી છે :

વેડછી પ્રદેશ સેવા સમિતિનાં સુશ્રી તરલાબહેન શાહે કહ્યું કે ‘ઉમાએ ઉત્તરાબહેન અને નારાયણભાઈ બંનેનો વારસો દીપાવ્યો. જોશ અને હિંમતથી કામ કરતી, બધાંને જોડતી. આ વિસ્તારના યુવાનોથી લઈને આખા દેશના યુવાનો સંપૂર્ણક્રાંતિ વિદ્યાલયમાં આવતા અને પ્રેરણા લેતા. છેલ્લે નારાયણભાઈની દસમી પુણ્યતિથિએ સહુ પાસે રેંટિયા કંતાવ્યા. ખાદીનું કામ પણ કર્યું અને આંદોલનોમાં પણ ભળી. કુટુંબને પણ સાચવ્યું અને નારાયણભાઈને પણ સંભાળ્યા. ઉમા વહેલી ગઈ પણ આપણને પ્રેરણા આપતી રહેશે.’

અંગુલ, ઓરિસ્સાથી ઉમાબહેનનાં માસી ક્રિષ્નામાસી ઉપસ્થિત હતાં. તેઓ સગપણમાં માસી પણ વધારે તો બેનપણી. ઉમાબહેન અંગુલ પણ રહ્યાં હતાં. એમણે ઉમાબહેનની બાળપણની વાતો અને થોડા રમૂજી પ્રસંગ વર્ણવ્યા. તેમણે કહ્યું કે બાળપણથી જ તે ખૂબ હોંશિયાર હતી. ક્રિષ્નામાસી આજે ૮૬ વર્ષની વયે પણ ઓરિસ્સામાં ગાંધી આશ્રમ ચલાવે છે.

ઉમાબહેનના જીવનના વિવિધ તબક્કાઓ વિશે સુરેનભાઈ ગાડેકરે વિગતે વાત કરી. બંને કેવી રીતે મળ્યાં, પત્ર-વ્યવહાર, મૈત્રીની વાત અને વિશેષ તો નારાયણભાઈએ ભાવિ જમાઈને સવારે ૪ વાગ્યે મળવા બોલાવ્યા! ઉમાબહેને એમ.બી.બી.એસ.ની છેલ્લી પરીક્ષા આપ્યા પછી ઉત્તરપ્રદેશમાં ડૉક્ટર તરીકે સેવાઓ આપી. નાની જગ્યાઓએ તે સમયે કોઈ બહેન ડૉક્ટર રહે નહીં, પુરુષ ડૉક્ટરો પૈસા કમાવાની દૃષ્ટિએ જ રહેતા હોય. રહેવાની સરખી સગવડ પણ નહીં. પણ ઉમાબહેન રહ્યાં. જે જુવાનમિત્રો તરુણશાંતિ સેનામાં જોડાયા હતા તેમાં ઉમાબહેન પણ હતાં, તેમના પર તરુણ શાંતિ સેનાની ઊંડી અસર રહી.



ત્યારબાદ અરુણાચલ (તે વખતનું નેફા-નોર્થ ઇસ્ટ ફ્રન્ટીયર એજન્સી)માં ડૉ. અશ્વિન પટેલ, ડૉ લતા શાહ વગેરે કામ કરતાં હતાં તેમની સાથે કામ કરવાનું આયોજન ચાલતું હતું. પરંતુ સંજોગો બદલાયા અને સુરેનભાઈને અમેરિકા જવાનું આવ્યું. ઉમાબહેન અરુણાચલમાં કામ કરવા માંગતાં હતાં પરંતુ તેમની બદલી ન થઈ શકી. અમેરિકા ગયાં. ત્યાં ન્યુટ્રીશન અંગે આગળ અભ્યાસ કર્યો. ત્યાંથી પાછા આવીને બનારસમાં કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશનની કૉલેજમાં અધ્યાપનકાર્ય કર્યું. ત્યાર બાદ ઉત્તરાબહેનનું અવસાન થતાં નારાયણભાઈ સાથે વેડછી આવવાનું નક્કી કર્યું. સંપૂર્ણ-ક્રાંતિ વિદ્યાલયમાં આવ્યાં અને જુદી જુદી પ્રવૃત્તિઓ કરી.

આર્ચ, ધરમપુરથી આવેલા વિનાયકભાઈએ રાવતભાટા, કાકરાપાર અને જદુગોડા વિસ્તારમાં કરેલા સર્વેની વિગતો અને યાદો વાગોળી. તેમણે કહ્યું કે સંઘમિત્રા નામ પ્રમાણે સંઘ બનાવે અને મિત્રતા કેળવે. તેઓ પહેલાં જી.આઈ.ડી.આર.માં કામ કરતાં હતાં. પરંતુ અણુમથકની આસપાસના વિસ્તારમાં આરોગ્ય સર્વે કરવાના નિમિત્તે ઉમાબહેન સાથે ઓળખાણ થઈ જે અંત સુધી મિત્રતામાં પાંગરતી ગઈ.

આનંદભાઈએ કહ્યું કે ઉમાદી Angle of Unpopular causes – જે બિનલોકપ્રિય હોય એવા મુદ્દાઓના દેવદૂત સમાન હતા – પછી તે પરમાણુ ઊર્જા હોય કે દોસવાડામાં આવનારી ઝીંકની ફેક્ટરી હોય ! વિકાસના નામે થનારા વિનાશ સામે હિંમતભેર ઊભા રહેવું – બોલવું એ તેમની પહેચાન હતી. અણુઊર્જા અંગેનાં કે અન્ય આંદોલનો ચાલતાં તે એક જંગમ વિદ્યાપીઠ સમાન હતાં. સાયકલ યાત્રાઓ, શિબિરો થતી, નાટકો લખાય અને ભજવાય, ગીતો લખાય અને ગવાય, વાર્તાલાપો પણ થાય અને ડીબેટ પણ થાય. ટીમ એવી સક્ષમ હતી કે આખા વિષયનું સંપૂર્ણ ચિત્ર રજૂ થાય. તેની પાછળની ફિલસૂફી, વિજ્ઞાન, આરોગ્યનું પાસું અને સંસ્કૃતિ સાથે જોડાણ. આંદોલનોમાં આવું જવલ્લે જ જોવા મળતું હોય છે. ઉમાદી, સુરેનભાઈ, નારાયણભાઈ મળીને પરમાણુ ઊર્જા અંગેનાં જુદાં જુદાં પાસાઓને ઉજાગર કરતાં. અણુઊર્જા વિષયમાં દેશના ગણ્યમાન્ય નિષ્ણાતોમાં ઉમાબહેન-સુરેનભાઈનું નામ છે અને દેશભરનાં આંદોલનો તેમને આ કામ માટે આમંત્રણ આપતાં રહે છે.

માલતીદેવી જે પોતે એક જાજરમાન વ્યક્તિત્વ ધરાવતાં, નોઆખલીમાં ગાંધીજી સાથે શાંતિકાર્યમાં હતાં અને બાપુ પાસે ‘તોફાની’નું બિરુદ પામેલાં. તથા નબકૃષ્ણબાબુ જેઓ ઓરિસ્સાના એક વખતના મુખ્યમંત્રી હતા તેમનો વારસો લઈને ઉમાબહેન આવેલાં. તો બીજી તરફ મહાદેવભાઈ – દુર્ગાબહેન – નારાયણભાઈ ઉત્તરાબહેનનો વારસો – આ બધા સંપર્કો,



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

દેશભરમાં લોકો સાથે સંબંધો છતાં ઉમાબહેન અને સુરેનભાઈ જિંદગીભર સાદાઈથી રહ્યાં. કદી પ્રસિદ્ધિ કે પૈસા પાછળ ન જતાં પોતાની સમજણ-શક્તિ, રુચિ-આવડત પ્રમાણે લોકજીવનને સમૃદ્ધ કરનારાં કામો કરતાં રહ્યાં.

ત્યારબાદ સ્થાનિક મિત્ર મિતુલે વાત કરી. તેણે કહ્યું કે ૧૦મા ધોરણમાં હતા ત્યારથી અમે અહીં (સંપૂર્ણ ક્રાંતિ વિદ્યાલય) આવતા, છાણ લાવવાથી માંડીને બધાં કામો કરતાં. કાકરાપારના સર્વેમાં પણ ભળ્યાં. વેડછીથી ઉમરગામની ૧૦૦ લોકોની યાત્રા થઈ તેમાં ગયાં. સોનગઢમાં વેદાંતાની લોકસુનાવણી પહેલાં જાગૃતિ માટે ૯૧ ગામોમાં સાઈકલયાત્રા કરી. આ ઉપરાંત અમને કરકસરથી જીવતા શીખવ્યું. ઉમાબહેન દરેક વસ્તુનું શાક બનાવે - વાંસના પીલાથી માંડીને જંગલની ભાજી. અમારું ઘડતર જ સંપૂર્ણક્રાંતિના દાદાજી (નારાયણભાઈ) અને ઉમાબહેન - સુરેનભાઈએ કર્યું. મિતુલ આજે સંપૂર્ણક્રાંતિ વિદ્યાલયનો ટ્રસ્ટી છે.

વડોદરાથી આવેલા બકુલભાઈએ ઉમાબહેનના કાંતણની લગની વિશે વાત કરી. કાંતવાનું પેટી રેંટિયાથી. વળી, ચરખો વિદ્યાલયના સ્થાનિક લાકડામાંથી જ બનાવવાનો. બકુલભાઈ ગુજરાત આખામાં ફરીને લોકોને ચરખો અને તકલી કાંતતાં શીખવે છે. ઉમાબહેન સાથે પણ કાંતણ અને ખાદી શિબિરો વારંવાર કરતા. ઉમાબહેનને લકવો થયો તેમાંથી બહાર નીકળ્યા તો તરત કાંતવાનું શરૂ કર્યું. એક કસરત તરીકે અને માંદગીમાંથી બહાર આવવા માટે કાંતણ કરતાં.

ત્યારબાદ ઉજ્જૈનનાં અક્ષિતાબહેન જે કુદરતી રંગોનું કામ કરે છે તેમણે પણ ઉમાબહેન સાથે કુદરતી રંગોથી આંટી રંગવી અને ખાદી બનાવવી - તે અંગેના શિબિરો કરવાનાં કામ કર્યાં. રાજ્ય અને દેશભરના લોકોને તેમાં રસ લેતા કર્યા, ઉમાદીદી પોતે દરેક પ્રક્રિયામાં રસ લેતાં. આગવાં સૂચનો કરતાં. અક્ષિતાએ કહ્યું કે રંગો ઉપરાંત જીવનનું ઘણું ઘણું ભાથુ તેને સં.ક્રાં.વિ.માં આવવાથી મળ્યું.

ઉમાબહેનના અવસાનના સમાચાર સાંભળીને દેશભરમાંથી સંદેશા આવ્યા હતા તેની વાત કરતાં ઉમાબહેન-સુરેનભાઈની દીકરી ચારુસ્મિતા (દુઆ)એ કહ્યું - ''મા એક વાર પણ કોઈને મળતી તો એને તેમનું નામ યાદ રહી જતું, અને એ એક વાર જેને મળી હોય તે એને ભૂલી ન શકે ! એ મને હોસ્ટેલમાં મળવા આવતી એટલે મારી બહેનપણીઓ એને ઓળખે. હું ઘરેથી પાછી જાઉં એટલે એ બધાં મને પૂછે, આન્ટી કેમ છે? આમ તો મારે મિત્રો બહુ ઓછા, તેનું કારણ હવે સમજાય છે, કારણ કે 'મા જ હતી' - સૌની મિત્ર અને મા. એવી જ રીતે મા અને બાબા આઈ.આઈ.ટી. કાનપુરમાં હતાં ત્યારના પચાસ વર્ષ પહેલાંના મિત્રો અને બાબા (સુરેનભાઈ)ના ગાઈડ પણ જ્યારે સાંભળ્યું તો એ બધાના દિલસોજીના સંદેશા આવ્યા છે. આ ઉપરાંત જાણીતાં નામોમાં રાજમોહન ગાંધી, ગોપાલ ગાંધી, તીસ્તા સેતલવાડ, ભદ્રાબહેન-વિક્રમભાઈ તેમજ અન્ય આંદોલનમાં જોડાયેલા સાથીઓના સંદેશા આવ્યા છે. માએ જે કચ્છના સજીવ રંગોના કપડાનું કામ કર્યું ત્યાંથી અબ્દુલ રહેમાનભાઈના દીકરા રઝાકભાઈ પણ ખાસ અહીં આવ્યા છે.''

આ ઉપરાંત ડૉ. રાધિકાબહેન ટીકુ, કિશોરભાઈ દેસાઈ, ભૂપેન્દ્ર ચૌધરી, અશોકભાઈ ચૌધરી, રાજુભાઈ ખીમાણી, નિમિષાબહેન દેસાઈ, ડૉ. સુરેશ ચૌધરી, પદ્માકરભાઈ ફરસોલે, બિનિતા પંડ્યા જેવાં સ્વજનોએ ઉમાબહેન સાથેનાં સ્મરણો વાગોળ્યાં.

ગાંધી વિચારને સમર્પિત, કર્મનિષ્ઠ એવાં ઉમાબહેનની વાત કરતાં સહુએ એ અનુભવ્યું કે તેઓ વેડછીની દીકરી, સંપૂર્ણક્રાંતિ વિદ્યાલયની મા અને એક સંનિષ્ઠ કાર્યકર હતાં. પોતાના પરિવારને તો સાચવ્યો જ, અન્ય કેટલાયના પરિવારને સાચવ્યા. આવું બહુઆયામી વ્યક્તિત્વ ધરાવતાં ઉમાબહેનની વિદાય સહુ સ્વજનો માટે વસમી હતી. શ્રી નારાયણભાઈ, ઉત્તરાબહેન અને ઉમાબહેને જે દિશામાં કામ કર્યાં તે કામો સંપૂર્ણક્રાંતિ વિદ્યાલય કરતું રહેશે એ જ એમને સાચી શ્રદ્ધાંજલિ.

(સંકલિત) **- સ્વાતિ દેસાઈ**

# સમાજના કામમાં યોગદાન આપીએ

ઉમાદીદી વિશે વાત કરવા કરતાં સંપૂર્ણ ક્રાંતિ વિદ્યાલય વિશે વાત કરવી હોય તો થાય. કારણ કે ઉમાદીદીને મેં સંપૂર્ણ ક્રાંતિ વિદ્યાલય તરીકે જ જોયાં. અહીં જે બીજાં રાજ્યોમાંથી કાર્યકર્તાઓ આવતા, જેમ કે સ્વેતલાના અહીં બેઠી છે તેનાં માતા-પિતા રંજન અને સહદેવન - તેમની પાસેથી ખૂબ શીખવા મળતું. વળી રંજન અને સહદેવન તો અહીં જ મળ્યાં ને અહીં જ એકબીજાને પસંદ કર્યાં ! આવું પણ અહીં થતું. આજે હવે તેમની દીકરી સ્વેતલાના પણ સરસ કામ કરી રહી છે. એટલે આ પરિસરમાં આપણે શું જાણવું છે તે આપણે જ નક્કી કરવાનું અને આપણે જ તેને ઉજાગર કરવાનું - તેને માટે ઉમાદીદી અને સુરેન ગાડેકર તત્પર હોય. જો છેલ્લી વાત કરું તો, વેદાંતાના આંદોલનમાં ઉમાબહેન અને ગાડેકરે કહ્યું,

'જો અમે કંઈ કરવાનાં નથી, તમે કરવાનાં છો ?' અમે હા કહી, તો કહે, 'ચાલો, કરો !' પણ કરો એટલે ? છેલ્લે સુધી સાથ. આંદોલન પૂરું થયું ત્યાં સુધી સાથે જ અને એકેએક વસ્તુ અમને પૂરી પાડી. ત્યાં સુધી કે પોલીસવાળા આવશે તો તમને આવું પૂછશે, તેને તમારે આવો કડક જવાબ આપવાનો છે - ઢીલું છોડવાનું નથી. અને એ અમે સુપેરે કર્યું. આ એક આંદોલનની વાત છે, પણ આવાં આંદોલન કેમ કરાય એ પણ એમની પાસેથી શીખવા જેવું છે. એટલે ભલે દીદી ગયાં, પણ હજુ ગાડેકર છે અને એ જશે તો સંપૂર્ણ ક્રાંતિ વિદ્યાલય છે. આપણે બધા સમાજના કામથી ધીરે ધીરે ભાગતા જઈએ છીએ એટલે આ સંપૂર્ણક્રાંતિ વિદ્યાલય ધમધમતું નથી. પહેલાં એ વસ્તુ હતી એટલે વિદ્યાલય પણ ચાલતું હતું. એટલે ગાડેકર, નારાયણભાઈ, ઉમાદી અને અહીં ભણી ગયેલાં બધાંને આપણે યાદ કરવા જોઈએ અને તેમની પાસે ઘણું બધું એવું છે જે આપણે શીખવું પડે. જેમ કે શ્રીકુમાર, એણે અમને આ વેદાંતા સામે લડવામાં ખૂબ મદદ કરી - એટલે હવે આપણે બધાંએ સમાજના કામમાં યોગદાન આપવું જોઈએ. અને આ કેન્દ્રને જીવતું રાખવું જોઈએ.

(સ્મરણાંજલિ સભામાં બોલાયેલું) **- ભૂપેન્દ્ર ચૌધરી**




YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org


મામાના દીકરા અને દીકરી સાથે વચ્ચે ઉમાબેન




ઉત્તરાબેનના ખોળામાં દીકરી ઉમા



ભાઈઓ સાથે


બેઠેલામાં નરહરિ પરીખના ખોળામાં પૌત્રી લેખા, મણીબેન પરીખ, દુર્ગાબેન દેસાઈના ખોળામાં પૌત્રી ઉમા, સ્વામી આનંદ


ઉત્તરાબેન સાથે દીકરી ઉમા


ઉમાબહેન અને સુરેન્દ્રભાઈના લગ્ન પ્રસંગે


મેડિકલ કોલેજના સહપાઠીઓ સાથે, ઊભેલામાં ડાબેથી ચોથા ઉમાબેન


ઉત્તરાબહેન અને નારાયણભાઈ સાથે


રાજઘાટ બેસન્ટ સ્કૂલ , પહેલી લાઈનમાં ડાબેથી ત્રીજા ઉમાબેન


ભાભી અને ભત્રીજી સાથે






YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org


સુરેનભાઈ અને દીકરી દુઆ સાથે


મામી સુમિત્રા ચૌધરી સાથે


કૃષ્ણામાસી અને માસીનાં દીકરી કસ્તુરી સાથે


ડાબેથી સુરેનભાઈ, શ્રીધર સાથે


ડાબેથી ઉમાબહેન, ભાઈ અફલાતૂન, નારાયણભાઈ, નાના ભાઈ નચિકેતા સાથે



ડાબેથી ઈમરાન, મોહસીનના ખભા પર મિલન, શ્વેતલના સાથે

ઊભેલામાં કસ્તુરી મહંતિ, સુરેનભાઈ, ઉમાબહેન, કલ્પનાબહેન, સૌથી પાછળ નચિકેતા


આગળ બેઠેલામાં અફલાતૂન, અસીમ મહંતિ- બેઠેલામાં ડાબેથી નારાયણભાઈ, ઉત્તરાબહેન, નબકૃષ્ણ ચૌધરી, માલતીદેવી, કૃષ્ણામાસી, બિભુતીમાસા


જુગતરામ વ્યાખ્યાનમાળા પ્રસંગે - ૧૪/૦૩/૨૦૨૫







YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org



औद्योगिक सभ्यता का विकल्प देने के लिए रोज एक घंटा सूत कातना होगा। - डॉ संघमित्रा



પ્રાકૃતિક રંગાઈ કામમાં મગ્ન



વસ્ત્રવિદ્યા શિબિર સંપૂર્ણક્રાંતિ વિદ્યાલય, વેડછી




શ્રીધરને વણાટકામની બારીકી સમજાવતાં



સંપૂર્ણક્રાંતિ વિદ્યાલયના પરિસરમાં એક શિબિર



નારાયણભાઈના 'પીર, બાવરચી, ભિસ્તી'




ઉ. પ્રદેશ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં કાર્યરત



ડોસવાડા, ઝિંક કંપની સામે લોકજાગૃતિ



વાંસની આરામ ખુરશીમાં




'અણુઊર્જા અને ફુકુશીમાનો બોધપાઠ' સંમેલન - ગૂવિદ્યાપીઠ, અમદાવાદ ૨૭/૦૮/૨૦૧૧



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org


ડાબેથી ઉમાબહેન, શાંતિવાદી કાર્યકર્તા અને ગાયિકા જોન બાયેઝ, નારાયણભાઈ, મોહન ત્રિવેદી


ડાબેથી નારાયણભાઈ, રાજમોહન ગાંધી, ઉમાબહેન, દુઆ


જમણેથી અમજદઅલી ખાં, ઉમાબહેન, જોન બાયેઝ, લી સ્વેનસન, લીંડા હેસ


અમેરિકી લેખક જીમ ડગ્લાસ સાથે ગપશપ


ઈટાલીના પ્રો.અલ્બર્ટો અને મિત્રો સાથે સં. ક્રાં. વિદ્યાલય પરિવાર




સં. ક્રાં. વિદ્યાલયના વિદ્યાર્થીઓ સાથે - ૧૯૯૦

છેલ્લી લાઈનમાં ડાબેથી ત્રીજા ઉમાબહેન, જમણી બાજુ નારાયણભાઈ અને મોહનભાઈ પરીખ


સં. ક્રાં. વિદ્યાલયના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સંમેલન, વેડછી - ૨૨/૧૨/૨૦૨૪


નારાયણભાઈની ૮૫મી વર્ષગાંઠ નિમિત્તે ખડકીમાં યોજેલ સ્નેહમિલન પ્રસંગે, સર્વોદયના તેમજ અન્ય મિત્રો - સ્નેહીજનો સાથે


YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

## એક નિર્ભીક અવાજ શાંત થઈ ગયો

વેડછીના સંપૂર્ણક્રાંતિ વિદ્યાલયના પ્રમુખ ડૉ. સંઘમિત્રા ગાડેકર ગાંધી–વિનોબા–જે.પી. વિચારધારાના સંવાહિકા હતાં, જેમણે શિક્ષણ, સ્વાસ્થ્ય, સામાજિક ન્યાય અને પર્યાવરણ ક્ષેત્રે પ્રભાવશાળી ભૂમિકા નિભાવી. જીવનસાથી ડૉ. સુરેન્દ્ર ગાડેકર ભારતમાં ઊર્જાનીતિના મુખ્ય આલોચક તરીકે જાણીતા છે. જ્યારે સરકારો વિકાસના નામે પરમાણુ ઊર્જાની યોજનાઓને આગળ કરી રહી હતી, તેવે સમયે આ યુગલે આ પરિયોજનાઓ સાથે જોડાયેલાં વિકિરણને કારણે ઊભાં થતાં આરોગ્યનાં જોખમો તથા પર્યાવરણના નુકસાન અંગે દેશનું ધ્યાન દોર્યું હતું. તેમણે ૧૯૮૦ અને '૯૦ના દાયકામાં દેશનાં પરમાણુ મથકો, ખાસ કરીને તારાપુર, કાકરાપાર, કુડનકુલમ અને રાવતભાટાની આસપાસની ગામોમાં જઈને મેડિકો–એન્થ્રોપોલોજીકલ સર્વેક્ષણ કર્યાં. તેમના આ અભ્યાસો બતાવે છે કે આ ક્ષેત્રોમાં જન્મજાત વિકૃતિઓ, વાંઝિયાપણું, ચામડીના રોગો તથા કેંસરના કેસ સરેરાશ કરતાં વધુ હતા.

ડૉ. ગાડેકર દંપતીએ ગુજરાત અને મહારાષ્ટ્રનાં આદિવાસી ક્ષેત્રોમાં સાદાઈપૂર્વક રહીને વિકિરણની અસરો અંગે સ્થાનિક સમુદાયોની વચ્ચે જાગૃતિ અભિયાન ચલાવ્યું. તેઓ માનતાં હતાં કે પરમાણુ ઊર્જા વિકાસનું એક ખોટું મોડેલ છે; જે લોકોના આરોગ્ય, પર્યાવરણ તેમજ લોકશાહી – ત્રણે માટે જોખમી છે. તેમણે 'અનુમાન' તેમજ 'લોકવિજ્ઞાન' જેવી સંસ્થાઓ સાથે મળીને વૈજ્ઞાનિક ભાષા આમ લોકોને સમજાય એવી રીતે રજૂ કરવાનો પ્રયત્ન કર્યો, જેથી દેશની નીતિઓ બનાવવામાં જનતાની ભાગીદારી હોય. સરકાર દ્વારા જોવા મળતું હોય છે તેમ, 'ગોપનીયતા'ના નામે પરમાણુયોજનાઓની માહિતી છુપાવવાની વૃત્તિના વિરોધમાં તેઓ અવાજ ઉઠાવતાં રહ્યાં.

ઉમાબહેને ડૉક્ટર તરીકેની પોતાની સેવાઓ ઉત્તરપ્રદેશમાં ખાસ કરીને ગ્રામીણમહિલાઓ વચ્ચે આપી. એ સિવાય પણ આ કામ તો કરતાં રહ્યાં પણ લોકોની સારવાર કરવી એ એમને માટે એક વ્યવસાય માત્ર નહીં પરંતુ સામાજિક ચેતનાનું એક માધ્યમ હતું. ગરીબો અને વંચિતોની સેવાને એ પોતાની નૈતિક જવાબદારી માનતાં. બાંગ્લાદેશથી આવેલા શરણાર્થીઓની વચ્ચે પણ તેમણે મેડિકલના વિદ્યાર્થીઓ સાથે મળીને સેવાઓ આપી.

ગુજરાતનાં તોફાનો પછી જ્યારે અંજાર (કચ્છ) ક્ષેત્રમાં મુસ્લિમ રંગરેજ સમુદાય સામાજિક બહિષ્કારનો શિકાર બન્યો ત્યારે ઉમાબહેને તેમની સાથે મળીને સજીવ રંગોના પ્રિન્ટવાળી ખાદીનું ઉત્પાદન કરીને એક સામાજિક–આર્થિક પહેલ શરૂ કરી. આ માધ્યમથી તેમણે સામાજિક પુનર્વસન, સાંપ્રદાયિક સૌહાર્દ અને સ્થાનિક સ્વાવલંબન એ ત્રણેયને એકસાથે જોડવાનું કામ કર્યું. સંપૂર્ણક્રાંતિ વિદ્યાલયમાં તેમણે યુવાનો માટે શિબિર, સંવાદ, પ્રશિક્ષણ અને ગાંધી–વિનોબા સાહિત્યનું અધ્યયન શરૂ કરાવ્યું હતું. તેમની આત્મીયતા અને અનુશાસન, દરેક આવનારને પ્રભાવિત કરતાં હતાં.

ડૉ.સંઘમિત્રાનું વિદાય થવું માત્ર ગાંધીવાદી કાર્યકર્તાની વિદાય નથી, એક વિજ્ઞાની, વિવેકશીલ તેમજ સામાજિક ન્યાયના જાગૃત પ્રહરીની ગેરહાજરી છે. સર્વોદય આંદોલન અને વૈકલ્પિક વિજ્ઞાનની વકીલાત કરનારાઓ માટે અને ભારતનાં શાંતિ આંદોલનોએ એક સશક્ત એવો સ્તંભ ખોયો છે.

(મૂળ હિંદીમાંથી) – **કુમાર સિદ્ધાર્થ**

## સૌની મોટી બહેન ઉમા

નારાયણભાઈ ઉમાની વાત કરતા કહેતા કે ''ઉમા મોટી બહેન તરીકે બધી જ જવાબદારી નિભાવી રહી છે.'' કુટુંબીજનોનાં સુખ દુઃખના પ્રસંગોમાં પોતાની અનેક શારીરિક વિડંબનાઓ જેવી કે બી.પી., ડાયાબિટીસ વગેર છતાં આ પીડાઓને ધ્યાનમાં લીધા વગર સૌની જરૂર વખતે દવાખાનામાં અને લગ્ન કે અન્ય પ્રસંગોમાં હાજર રહી વ્યાવહારિક રીતરસમો નિભાવતી. એ જ રીતે ગાંધીકથાના પરદેશના કાર્યક્રમોમાં નારાયણભાઈની તબિયતની કાળજી માટે સાથે ને સાથે રહી. અને મારી કાળજી પણ રાખતી. હું એનાથી ચાર વર્ષ મોટી તેથી માનપૂર્વક મારી સગવડતા પણ સાચવે જ.

ઉત્તરાબહેનના સમયથી જ વાલોડનું અમારું ઘર ઓરિસ્સાથી કે અન્ય જગ્યાએથી વેડછી જવા–આવવામાં વિરામસ્થાન હતું. એ સંબંધ ક્યારેય ભુલાયો નહીં.

ગાંધીકથામાં એણે વિશિષ્ટ પ્રકારે ખાદી વેચવાનો પ્રયોગ કરેલો. એ બતાવે છે કે એના દરેક કાર્યમાં એક આગવી વિચારપદ્ધતિ અને સૂઝ સમાયેલાં હતાં. એ ખાદી ધરમપુરના આદિવાસીઓએ વણેલી, કચ્છના ભૂકંપ વખતે અસરગ્રસ્ત થયેલા એવાં કારીગરો પાસે કુદરતી રંગો થકી રંગાયેલી. પછી એને અમદાવાદનાં હુલ્લડોમાં જે બહેનો ભોગ બનેલી તેમની પાસે સિવડાવ્યાં. આ કાર્યમાં સૌનો સાથ–સહકાર ખૂબ સાંપડેલ પણ વિચારબીજ ઉમાનું હતું, જેને નારાયણભાઈએ પણ ખૂબ પ્રેમપૂર્વક સ્વીકારેલું. તેમની પણ ઇચ્છા હતી કે પુસ્તકો અને ખાદીનું વેચાણ ગાંધીકથા સાથે થાય. એટલે તેનું મહત્ત્વ સમજાવી ગાંધીકથામાં પ્રેમપૂર્વક જાહેરાત કરતાં.

ઉમાના આ કામમાં જોમ, વિચાર અને આવડત તો હતાં જ પણ લાગણીયે વિશેષરૂપે જોડાયેલી હતી તેથી કેટલાંક બાળકોને વિદ્યાલયમાં પ્રેમથી સ્વીકારેલાં. એમની કાળજી કરીને પૂરેપૂરી જવાબદારી પણ સ્વીકારી. તે સૌને સંભાળપૂર્વક સાચવ્યાં.

પ્રેમવત્સલ ઉમાને અને તેનાં કાર્યોને નમન.

અમદાવાદ – **ભદ્રા–વિક્રમ સવાઈ**



અમેરિકામાં ગાંધીકથા દરમ્યાન સવારની પ્રાર્થના
જમણેથી નરેન્દ્ર શાસ્ત્રી, ઉમાબહેન, ભદ્રાબહેન, નારાયણભાઈ દેસાઈ વગેરે.



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# Uma Ben: Ever-blossoming - સદા બહાર

**“M**y relationship with her has evolved over time," the sharp-witted Narayan Bhai would say with a mischievous smile. "She came into my life as a daughter, then she became my doctor, and lately, I find her to be my dictator.”

Dr. Sanghamitra, lovingly known as Uma Ben or Didi, led a profoundly purposeful and impactful life. From an early age, she was determined to serve others. Nonviolence and selfless community service were deeply ingrained in her. She chose to become a physician, but her formal education was interrupted by the violent civil war that led to the birth of Bangladesh. Undeterred, she organized a team of fellow students and rushed to support traumatized refugees in the camps. She often said that she learned more in those camps than she did in her college classrooms.

Uma Ben began her career at a remote health clinic serving Adivasi communities in northeastern India. With both a professional eye and a compassionate heart, she quickly recognized the hardships mothers faced during childbirth and early childcare. This experience ignited her lifelong commitment to improving health, particularly in rural India.

She later refined her research skills in the United States as a postdoctoral fellow. Upon returning to India, she and her partner, Dr. Suren Gadekar—a deeply committed physicist—embarked on decades-long, systematic research into the health and environmental consequences of rapid and often haphazard “development” projects.

Uma Ben formed deep connections with everyday people across the subcontinent—from Kutch to Bangladesh, Nepal to Tamil Nadu. She listened, observed, embraced both young and old, and meticulously documented abnormalities and developmental challenges, always with a blend of empathy and scientific rigor.

Although I’ve known her since birth, I truly came to “know” her over the past three decades. Our relationship deepened while planning and undertaking her two tours of the United States in 2008 and 2012. Originally envisioned as “Gandhi Katha” tours, they evolved into something much more: reconnecting with old friends, engaging with peace and environmental activists, and interactive presentations to diverse audiences across North America. We held events at over 25 venues—including universities, community centers, television studios, dormitory lounges—all enthusiastically supported by the warmth and hospitality of generous local hosts.

Narayan Bhai guided the team in designing novel forms of presentationsthat incorporated music, interfaith prayers, spinning wheel (charkha) demonstrations, and interactive dialogues. These gatherings were both dynamic and intimate, bringing Gandhian inspired core values of nonviolence and Satyagraha into contemporary spaces.

I found those tours uniquely intense and challenging, involving activities I had never trained for—like serving as a Hindi-English or Gujarati-English translator of Narayan bhai’s talks, at public events, serving as a tour guide, driving interstate in a van, and, as Narayan Bhai jokingly put it, acting as their “agent.” I could not have anticipated how deeply enriching and transformative those experiences would be.

Uma Ben seamlessly carried on the roles of daughter, doctor, and “disciplinarian” of Narayan Bhai. Their daughter-father bonding was deeply moving to witness. They were instinctively aware of the needs, expectations, and comfort zones of the other. Even while tending to her “triple duties,” Uma Ben maintained a strong sense of personal agency and purpose.

She met with scholars, students, activists, and general audiences to share her experiences on topics like nuclear energy, nuclear weapons, community health, and communal violence. She seemed to be on a constant quest for innovative ideas and models that could guide us toward a more peaceful, just, and sustainable world. She listened actively, asked thoughtful questions, welcomed fresh perspectives, and connected with ease to each person in her presence. She was curious, grounded, generous, warm, and fully present.

Finally, a word about Uma Ben’s role as the most loving, caring, and proud mother of Dua. Dr. Charusmita—lovingly called Dua—is indeed a blessed gift that Uma Ben has so generously left behind for the world.

Individuals like Uma Ben are rare. Their legacy is everlasting and ever-blossoming—સદા બહાર

May1,2025. San Diego, USA **- Mohan Trivedi**



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# વારસાનું જતન

**ડૉ.** સંઘમિત્રા ગાડેકર અમારા માટે ઉમાદીદી હતાં એની પાછળનું કારણ એ હતું કે એ મારા મિત્ર અફલાતૂનનાં દીદી હતાં, તો એ નાતે મારા જેવા બીજા કેટલાયના દીદી બની ગયાં હતાં. એમને પહેલી વાર અને તે પછી ઘણી વાર બનારસમાં જ મળવાનું થયું, જે મારું ગૃહનગર છે. ત્યારે હું ત્યાં રહેતો હતો. એ ત્યારે કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશનની હૉસ્પિટલમાં ડૉક્ટર અને કૉલેજમાં અધ્યાપકની બેવડી જવાબદારી સંભાળતાં હતાં. હું જ્યારે સંપૂર્ણ ક્રાંતિ વિદ્યાલયમાં એક વર્ષ રહ્યો ત્યારે તો એ બનારસ જ હતાં. એટલે વિદ્યાલયના એમના કાર્યકાળનો મને પ્રત્યક્ષ અનુભવ નથી.

૧૯૮૬માં વિદ્યાલય છોડ્યા પછી ફરી વેડછી ગયો, લગભગ ૨૦૧૯માં. મારા શિક્ષક રહેલા નારાયણભાઈના પુસ્તક 'My Gandhi'નો મેં હિંદી અનુવાદ કર્યો હતો, જે માહિતી ખાતાએ પ્રકાશિત કર્યો હતો. આટલા લાંબા સમય પછી વેડછી જવાનાં બે કારણ હતાં – એક તો આ પુસ્તક ઉમાદીદી અને જીજાજી (સુરેન્દ્રભાઈ)ને ભેટ આપવું અને એ વિદ્યાલયનાં ફરી દર્શન કરવાં, જ્યાં મેં મારી યુવાનીનું ઉમંગભર્યું એક વર્ષ વિતાવ્યું હતું. મારા બેચમાં અને એવું બીજા બેચમાં પણ બન્યું હશે કે વિદ્યાલયમાં સક્રિયતા અને ચહલપહલ હતી. એટલે સ્વાભાવિક જ વિદ્યાલયને વેરાન જોઈને મન નિરાશ થયું.

ગયા વર્ષે, ડિસેમ્બર-૨૦૨૪માં નારાયણભાઈની જન્મશતાબ્દી વખતે ફરી વેડછી જવાનું થયું. ત્યારે વિદ્યાલયના અન્ય બેચના વિદ્યાર્થી રહેલાં ભાઈ-બહેનોને મળીને સારું લાગ્યું. પણ ઉમાદીદીને પક્ષાઘાતથી પીડિત જોઈને દુઃખ થયું. એવી હાલતમાં પણ એ સમૂહકાંતણ માટે ખૂબ જ ઉત્સાહિત હતાં અને સમગ્ર આયોજનમાં બધી જ વાતનું ધ્યાન રાખતાં હતાં. એમનામાં મૂલ્યબોધની સાથે-સાથે એક પ્રકારની ભાવનાત્મક ઊર્જા હતી જે બહુ ઓછા લોકોમાં જોવા મળે છે. બાબુભાઈ (નારાયણભાઈ) અને બા (ઉત્તરાબહેન)ના વારસાનું એ જતન કરતાં હોય એમ લાગ્યું.

'My Gandhi'ના હિંદી અનુવાદનું લોકાર્પણ 'ગૂજરાત વિદ્યાપીઠ'માં થયું હતું ત્યારે ત્યાં અનામિકભાઈ કુલપતિ હતા. તે વખતે સુદર્શનભાઈ સાથે પણ પહેલી વાર સંપર્ક થયો. અનુવાદ જોઈને ઉમાદીદી પ્રસન્ન થયાં હતાં. મેં નારાયણભાઈ દ્વારા લિખિત 'જયપ્રકાશ' (નાટક)નો પણ અનુવાદ કર્યો છે, જે હજી છપાયો નથી. પણ ઉમાદીદીએ એ અનુવાદ જોયો હતો અને છાપવાની મંજૂરી પણ આપી હતી. એ ઇચ્છતાં હતાં કે નારાયણભાઈ દ્વારા લિખિત સમગ્ર સાહિત્યનો હિંદી અનુવાદ થાય. 'મારું જીવન, મારી વાણી'ના હિંદી સંસ્કરણ માટે એમણે મને સારા પ્રકાશક શોધવાનું કહ્યું હતું. તે પછી મેં હિંદીના જાણીતા બે પ્રકાશકો સાથે વાત કરીને એનો સકારાત્મક જવાબ આપવામાં આજ-કાલ કરતાં ચાર-પાંચ દિવસ કાઢી નાંખ્યા અને એમને સંદેશો આપવાનો રહી જ ગયો ! ત્યાં સુધીમાં એમને હંમેશ માટે ગુમાવ્યાની ખબર આવી !

દિલ્હી, મો.: ૯૦૧૩૯૩૨૯૬૩ – **રાજેન્દ્ર રાજન**

(મૂળ હિંદી પરથી ટૂંકાવીને)

# સંપૂર્ણ ક્રાંતિ વિદ્યાલયનાં ઉમાદીદી

ઉમાદીદી વગર સંપૂર્ણ ક્રાંતિ વિદ્યાલયની કલ્પના કરવી મુશ્કેલ છે! અહીં કર્ણાટકમાં રહીને દૂરથી પણ હું જ્યારે વિદ્યાલય વિશે વિચારું છું ત્યારે મારી કલ્પનામાં તો એ હજુ પણ ત્યાં જ છે.

ઉમાદીદીને હું પહેલી વાર ૧૯૯૯માં એક શાંતિયાત્રામાં મળ્યો હતો. તેના થોડા મહિના પછી કર્ણાટકમાં પરમાણુઊર્જા અને શસ્ત્રવિરોધી એક સંમેલનમાં ફરીથી મળવાનું થયું. તે પછી એક વાર સં.ક્રાં.વિદ્યાલય, વેડછી જઈને એક અઠવાડિયું ત્યાં રહ્યો. તે વખતે નારાયણભાઈ, ઉમાદીદી અને સુરેન્દ્રભાઈ સાથે વાતચીતનો ખૂબ અવકાશ મળ્યો. એના થોડા સમયમાં જ મેં એન્જિનિયરિંગના શિક્ષકની નોકરી છોડી અને સં.ક્રાં. વિદ્યાલય સાથે જોડાઈ ગયો. ત્યારથી જ હું વિદ્યાલયનો એક સદસ્ય બની રહ્યો છું. વર્ષ ૨૦૦૦થી ૨૦૦૪ની વચ્ચે થોડા સમયને બાદ કરતાં હું વિદ્યાલયમાં જ રહ્યો. ૨૦૦૪થી લગભગ દર વર્ષે ઓછામાં ઓછું બે વાર વિદ્યાલયમાં આવતો રહ્યો છું. આટલા લાંબા સમયમાં હું વિદ્યાલયનો એક ટ્રસ્ટી જ નહીં પરંતુ નારાયણભાઈ, ઉમાદીદી, સુરેન્દ્રભાઈ, ચારુસ્મિતા (દુઆ)ના સમગ્ર પરિવારનો એક સભ્ય જ બની ગયો છું. અને બધાં પાસેથી ખૂબ સ્નેહ મેળવ્યો છે.

જ્યારથી હું વિદ્યાલયમાં જોડાયો ત્યારથી ઉમાદીદી એના મુખ્ય સંચાલક રહ્યાં હતાં. વિદ્યાલયના બધા જ નિર્ણયો સર્વસંમતિથી લેવાય પણ એના પાયામાં દીદીની ભૂમિકા મુખ્ય હોય. એમની વ્યવહારકુશળતા, લોકો સાથે દોસ્તી કરી લેવાનો ગુણ એમાં મુખ્ય કારણભૂત છે. એમને નજીકથી ઓળખનારા એમના પ્રેમ, પરવરિશ અને દરેકની જરૂરિયાતનું પૂર્વાનુમાન કરી લેવાના એમના ગુણોથી પરિચિત છે. લોકોના ગુણોને એ જલદીથી તારવી લેતા. એમની યાદદાસ્ત પણ ગજબની હતી ! વ્યવહારમાં હંમેશા સ્પષ્ટ અને ખૂલીને બોલવાવાળાં હતા.

ઉમાદીદી સાથે ઘણા કામોમાં ભાગ લેવાની મને તક મળી છે. હું વિદ્યાલયમાં આવ્યો ત્યારે અણુમુક્તિ પત્રિકા પ્રકાશિત થતી, જેનું સંપાદન સુરેન્દ્રભાઈ કરતા. એમાં કેટલાક લેખ ઉમાદીદી લખતાં હતાં. એને છપાવવાથી લઈને અંકને પીન મારીને પોસ્ટમાં ગ્રાહકોને મોકલવા સુધીનાં બધાં કામ વિદ્યાલયના તમામ લોકો કરતા.

ઑક્ટોબર ૨૦૦૦માં ઝારખંડના જદુગોડાની યુરેનિયમ ખાણોની આસપાસ રહેતા લોકોના આરોગ્યનો સર્વે કર્યો ત્યારે બધાં જ કામોનું સંકલન ઉમાદીદી કરતાં. ત્યાંના લોકોને યુરેનિયમની અસરોને લીધે જે બીમારી હતી તેમના ઘરે જઈને દીદી તપાસતાં. સર્વેમાં ભેગી કરેલી સામગ્રીનું વિશ્લેષણ ઉમાદીદી અને સુરેન્દ્રભાઈ સાથે મળીને કરતાં.

૨૦૦૧માં કચ્છના ભૂકંપ વખતે વિદ્યાલયમાંથી અમે રાહતના કામ માટે ગયા હતા. ત્યાં જે લોકોનાં ઘર પડી ગયાં હતાં એમના માટે તાત્કાલિક વાંસનાં ઘર બનાવ્યાં. એના માટેની બધી સામગ્રીની વ્યવસ્થા પણ ઉમાદીદીએ જ કરી. રાહતનાં કામો દરમ્યાન કચ્છના કારીગરો સાથે મિત્રતા થઈ જે પાછળથી ગાઢ બની. ૨૦૦૨નાં કોમી તોફાનો વખતે મુસલમાનોનો આર્થિક બહિષ્કાર થવાના કારણે તેઓ ખૂબ સંકટમાં હતા. તે વખતે પ્રાકૃતિક રંગોથી અને બાટિક પ્રિન્ટિંગ કરતા આ કારીગરોને ખાદી પહોંચાડીને તેમણે તૈયાર

(જુઓ પાન નં. ૧૮)



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# વાદળના પીંજેલા રૂની પૂણી બનાવવા ગઈ છે, મારી મોટી બહેન !

**ના**રાયણભાઈ દેસાઈ અને મોહનભાઈ પરીખ, એ બે ભાઈઓ, કુટુંબ સહિત ક્યારે વેડછી ગયા તે મને ચોક્કસ ખબર નથી. પણ તે વખતે ઉમા અને હું બે-ત્રણ વર્ષનાં હોઈશું એવા એક બે ફોટા જોયા છે. એક મકાનમાં આજુબાજુ બંને કુટુંબો રહેતાં હતાં. ઉમા સાથેની સૌથી પહેલી યાદગીરી રમત – તોફાન, મસ્તીની છે. બાલમંદિરમાં સામસામાં બેસીને નાની ઘંટીનો દાંડો ફેરવતાં. ઘરની પાછળ નાની ઓટલી પર રમતાં. ત્યાંથી સામેની ચાલીમાં થોડાં કુટુંબો હતાં અને ભાઈઓનું છાત્રાલય. અમે એકબીજાનો હાથ પકડીને એ બાજુ જતાં. એક વાર સાંજે જમવાને વખતે છાત્રાલય તરફ હોઈશું અને એ લોકોએ જોયાં હશે, તો અમને એમના ભોજનમાંથી રોટલાના બે ટુકડા ઉપર ગોળની નાની ગાંગડી મૂકીને આપ્યા. આ.. હા.. હા.., પગથિયે બેસીને શું લહેરથી અમે ખાધું! ગામમાંથી એક આદિવાસી બેન- બધની ફોઈ, બંને ઘરે વાસણ, કપડાંની મદદ માટે આવતાં. એ ઉભડક બેસીને વાસણ માંજે ત્યારે ઉમા અને હું એમની સામે એવી જ રીતે બેસીને એમની સાથે વાતો કરતાં. રામ જાણે ! ચાર પાંચ વરસની બે છોકરીઓ અને બધનીફોઈ શું વાતો કરતાં હશે! પણ થોડી વાર પછી અમારાં બેમાંથી એકની મા બોલાવે કે, 'હવે તમે છોકરીઓ ફોઈને હેરાન કરવાનું બંધ કરો.' ઘરમાં છાણનું લીંપણ હતું. તે અમુક વખત પછી ફરીથી કરવાનું. જ્યારે બધનીફોઈ છાણ-માટી ભેગાં કરે ત્યારે અમે બંને એમને 'મદદ' કરતાં. માટીમાં રમવાનું મળે! તરત એક માનો અવાજ આવે જ કે 'તમે છોકરીઓ હાથ ધોઈને અંદર આવો.'

તે વખતે કેરોસીનનાં ફાનસ વાપરતાં. તેના કાચના ગોળા સાફ કરવાનું કામ અમારાં બેનું હતું. રોજ વહેલી સાંજે પાછલી ઓટલી પર રાખ, છાપાના કાગળ લઈ અમે બેસતાં. પહેલાં રાખ ઘસીને ગોળો અંદરથી સાફ કરવાનો, પછી કાગળથી. ફાનસની વાટ કાપીકૂપીને સરખી કરવાની તે કોક વડીલ કરતા.

પહેલું-બીજું ધોરણ અમે ત્યાં ગ્રામશાળામાં કર્યું. 'ઉદ્યોગ'માં પૂણી બનાવવાનું શીખ્યાં. કપાસના ખેતરમાં જઈ કપાસ ચૂંટીને થેલીમાં ભરવાથી શરૂઆત. ખેતરમાં કપાસના છોડ બહુ વાગતા, હાથે પગે ઉઝરડા પડે.



પછી નિશાળે જઈ કપાસ સાફ કરવાનું, કપાસિયાં કાઢવાનાં, પછી પીંજીને રૂ બનાવવાનું. છેવટે પૂણી બને. આ શીખ્યા પછી એક દિવસ નિશાળેથી પાછા આવતાં ભૂરું આકાશ અને સફેદ વાદળાં જોઈ ઉમા થોભી. મારો હાથ પકડીને કહે, ''જો, આ વાદળામાં કેવું સરસ સફેદ પીંજેલું રૂ છે. આપણે હાથ ઊંચો કરીને થોડુંક લઈ લઈએ અને સીધી પૂણી બનાવી દઈએ. આ બધી ખટપટ ઓછી થઈ જાય, કેટલું સહેલું!''

ઘણાં વરસો વીત્યાં, હું અમેરિકામાં વસી. ઉમા અને સુરેનભાઈ ૧૯૭૯ ના અરસામાં Iowa State University માં આવેલાં. તે દિવસોમાં અમે અવારનવાર મળતાં. જૂની વાતો તાજી કરીએ અને નવાં સંભારણાં બનાવીએ ! મારા દીકરાનો જન્મ થયો ત્યારે ઉમા આવેલી.મોટી માસી ખરીને! નવજાત બાળકનું કેવું ધ્યાન રાખવું, નવડાવવું, દૂધ પીવડાવવું એ બધું ઉમાએ મને શીખવાડ્યું. કેટલાંય વર્ષો પછીની વાત... બાબુકાકા કોઈ કોન્ફરન્સમાં સાન ફ્રાન્સિસ્કો આવેલા, સાથે ઉમા પણ હતી. ત્યારે એ બાળક, હવે જુવાનિયો દીકરો, એની મંગેતર સાથે મળવા ગયેલો. ઉમાએ કાકાને ઓળખાણ કરાવી, ''આપણા કુટુંબની નવી વહુને લઈને આવ્યો છે.''

વચ્ચે વચ્ચે અમે ભારત જઈએ ત્યારે મળતાં. જ્યારે મારા છોકરાઓ હાઇસ્કૂલમાં હતાં તે અરસામાં ઉમા, સુરેનભાઈ એમની દીકરી દુઆને લઈને અહીં આવેલાં. તે વખતે મારા છોકરાઓને માસીની સારી ઓળખાણ થઈ. દુઆની સાથે ક્યાં ક્યાં ગયેલાં એ બંનેને યાદ છે.

કાકી ગયાં પછી ઉમા વેડછી પાછી આવી, સુરેનભાઈ પણ. ઘર તો ચલાવ્યું. પણ વધારે અગત્યની વાત તો કાકાનાં બધાં કામોમાં સક્રિય ભાગ લીધો. કાકાની બીમારી દરમ્યાન એમનું કામ ઉપાડી લીધું અને એમના ગયા પછી વેડછી જ રહીને ચાલુ રાખ્યું. અમારાં બધાં ભાઈબેનોમાં ઉમા જ એક છે જે જિંદગીભર બાપદાદાને પગલે ચાલી અને એમનો વારસો નિભાવ્યો!! મારી મોટી બેનને ખૂબ ખૂબ વહાલ સાથે પ્રણામ.

અમેરિકા **– લેખા બાલા**

---

સંપૂર્ણ ક્રાંતિ વિદ્યાલય.. (પાન ૧૭નું ચાલુ)

કરેલ પ્રાકૃતિક રંગોવાળી ખાદી કેટલાય મેળાઓમાં અને લાંબા સમય સુધી વિદ્યાલયમાં વેચાણ કરીને એમને મદદરૂપ થયાં. એ કાપડમાંથી સીવીને ડ્રેસ તૈયાર કરવામાં પણ આવી કેટલીય બહેનોને પણ રોજગાર પહોંચાડ્યો.

આ કારીગરો સાથે મિત્રતા થયા પછી ઉમાદીદીને પ્રાકૃતિક રંગોમાં બહુ રસ પડ્યો. પોતે રંગાઈકામ શીખ્યાં અને કેટલીય વાર વિદ્યાલયમાં તેમજ બહાર પણ તેના શિબિરો કર્યા. આ શિબિર માટે એક વાર તો છેક કર્ણાટક સુધી પણ ગયાં. ખાદી માટે એમને બાળપણથી જ લગાવ હતો. કાંતણને એ ધ્યાન સમાન માનતાં. પક્ષાઘાત પછી શારીરિક કસરતના ભાગરૂપે પણ એ કાંતવાની કોશિશ કરતાં હતાં.

ઉમાદીદી સંઘર્ષ અને રચના બંનેમાં એટલાં જ સક્રિય. એમણે પરમાણુ ઊર્જા અને લોકજાગૃતિ માટે ગુજરાતથી કેરળ સુધીની સાઇકલયાત્રા કરી હતી. સોનગઢ તાલુકાના આદિવાસી વિસ્તારના ડોસવાડામાં વેદાંતા કંપની ઝીંકનું કારખાનું બનાવવાની યોજના લાવી ત્યારે એના વિરોધમાં લોકોને જાગૃત કરવા માટે ડોસવાડાની આસપાસનાં ગામોમાં પણ સાઇકલયાત્રાનું આયોજન કર્યું હતું.

એમનું અચાનક ચાલ્યા જવું એમના મિત્રો, સહયોગીઓ અને વિદ્યાર્થીઓ માટે એક મોટા આઘાતસમું છે. એમણે આદરેલું કામ ચાલુ રાખવું એ જ એમને સાચી શ્રદ્ધાંજલિ છે.

કર્ણાટક **– શ્રીકુમાર**



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# સંઘમિત્રા ગાડેકરની લેખનયાત્રા

**સં**ઘમિત્રાબહેને મુખ્યત્વે 'અણુમુક્તિ' અને 'ભૂમિપુત્ર'માં લેખો લખ્યા છે. અણુમુક્તિના કેટલાક વિશેષાંકો પણ તેમણે તૈયાર કર્યા છે. સંઘમિત્રાબહેન અને સુરેન્દ્રભાઈ ગાડેકર અણુમુક્તિની સંપાદક ટીમના સભ્યો હતા. સુરેન્દ્રભાઈ મહદ્અંશે અણુઊર્જાના ભૌતિક વિજ્ઞાન પર વધુ પ્રકાશ પાડતા હતા. સંઘમિત્રાબહેન અણુઊર્જાના કારણે પેદા થતા માનવ-આરોગ્યના પ્રશ્નો પર વધારે લખતાં હતાં. કારણ કે તેઓ એક ડૉક્ટર હતાં. આ બંનેના લેખો એકબીજાના પૂરક હતા.

સંઘમિત્રાબહેને લખેલ કેટલાક ગુજરાતી લેખોના શીર્ષક જોઈએ. તેમણે કેટલાક લેખોનો અંગ્રેજીમાં અનુવાદ પણ કર્યો છે.

● વિકિરણ અને તેની સ્વાસ્થ્ય પર અસર ● ફુકુશીમાની ચેતવણી : જૂનાં માર્ક-૧ – રિએક્ટરો અત્યંત જોખમી ● અણુવીજળી સલામત તો નથી જ! ● અણુઊર્જાની પ્રત્યેક પ્રક્રિયામાં પ્રદૂષણ. અણુઊર્જા સ્વચ્છ તો નથી જ નથી! ● પરમાણુ વીજળી સસ્તી નથી... ● કરાર-૧૨૩ દ્વારા અણુઊર્જાના વૈશ્વિક માહોલમાં ભારતની આંધળી દોડ ● દેશમાં અણુઊર્જા કાર્યક્રમ ● અણુમથકમાં વપરાયેલાં ઇંધણની સમસ્યા (અણુમુક્તિ મંડળી) ● Much a Dooum on the Cooum ● A Special Issue of Anumukti on Rawatbhata (April-May - 1993) ● A Special Issue of Anumukti on Jaduguda ● A Special Issue of Anumukti on Chernobyl. ● Health Survey Around an Indian Nuclear Power Plant - Sangh Mitra Gadekar and Surendra Gadekar (Science for Democratic Action - Novemvber - 2002 issue)

## હિંદીમાં સંપાદન કરેલા અણુમુક્તિના વિશેષાંકો

(૧) પરમાણુ કચરા જીતના દૂર ઉતના અચ્છા (૨) ચેર્નોબિલ વિશેષાંક (વર્ષ ૧૯૯૮-૧૯૯૯) (૩) હીરોશિમા-નાગાસાકી વિશેષાંક (સપ્ટે.-ઓક્ટો. ૧૯૯૮) (૪) ફુકુશીમા વિશેષાંક

છેલ્લા થોડા સમયગાળાની વાત કરીએ તો – વેદાંતા કંપની દક્ષિણ ગુજરાતમાં સોનગઢ પાસેના દોસવાડા ગામમાં ઝિંક સ્મેલ્ટર સ્થાપવા પ્રયત્ન કરી રહી છે. સંઘમિત્રાબહેને તેમના જીવનસાથી સુરેન્દ્રભાઈ સાથે રહીને ઝિંક સ્મેલ્ટર સામે સબળ વિરોધ નોંધાવ્યો હતો. આ સ્મેલ્ટર રોજનું ૪.૬ કરોડ લીટર પાણી વાપરવાનું છે. આ સ્મેલ્ટર ઝિંક સિવાય કેડમિયમ, કોબાલ્ટ, પારો, નિકલ, જર્મેનીયમ, સીસું, તાંબાનાં રસાયણો તેમ જ સલ્ફ્યુરિક એસિડ અને ક્લોરીન જેવા પદાર્થોનું ઉત્પાદન પણ કરશે.

કંપનીએ આપેલી માહિતી પ્રમાણે ૩.૫ લાખ ટન ઝીંકનું ઉત્પાદન થશે. તે માટે કોલસા આધારિત ૧૮૦ મેગાવોટનું પાવરમથક પણ સ્થાપવું પડશે. ગ્રામજનોની સ્પષ્ટ 'ના' હોવા છતાં ૫ જુલાઈ ૨૦૨૧ના રોજ પર્યાવરણીય લોક સુનાવણી રાખવામાં આવી હતી. જોકે પ્રચંડ વિરોધને જોતાં આખરે સુનાવણી બંધ રહી હતી.

સંઘમિત્રાબહેને ગ્રામજનોને સ્મેલ્ટરના કારણે પેદા થતા પ્રદૂષણને ઉજાગર કરવા સાયકલયાત્રા, શિબિરોનું આયોજન કર્યું હતું. તા. ૦૧-૦૮-૨૦૨૧ના ભૂમિપુત્રમાં તેમનો લેખ 'ઝિંક સ્મેલ્ટરનો વિરોધ શા માટે ?' છાપવામાં આવ્યો હતો. લેખમાંની મહત્ત્વની વાતો પર નજર નાંખીએ.

○ ઝિંક (જસત) માનવશરીરની વિભિન્ન ચયાપચય (Metabolism)ની ક્રિયાઓમાં ભાગ લેતા ઉત્પ્રેરક દ્રવ્ય (Enzyme) રૂપે શરીર માટે મહત્ત્વની ધાતુ છે. સામાન્ય રીતે આપણે જે રોજિંદો ખોરાક ખાઈએ છીએ તેમાંથી શરીરની જરૂરિયાત પૂરતી ઝિંક ધાતુ આપણને મળી રહે છે. વધારાનું ઝિંક ખૂબ જ હાનિકારક સાબિત થઈ શકે છે. નીચે આ અંગે કેટલીક વિગતો આપી છે.

**શ્વસનતંત્ર પર થતી અસરો :** શ્વાસ દ્વારા ઝિંકના કણો શરીરમાં જવાથી નાક તથા ગળામાં બળતરા થવાથી માંડીને છાતીમાં દુઃખાવો, ભીંસ અનુભવવી, તાવ, ન્યુમોનાઈટસ જેવા ગંભીર રોગો જોવા મળ્યા છે. લાંબા ગાળાની અસરમાં ફાઈબ્રોસીસને કારણે ફેફસાંની શ્વાસોશ્વાસની ક્ષમતા ઘટી જાય છે. ક્યારેક દરદીનું મોત પણ થાય છે.

**પાચનતંત્ર પર અસર :** અસરગ્રસ્ત લોકોમાં ઊબકા, અપચો, ઊલટી, પાતળા ઝાડા જેવી અસરો જોવા મળે છે.

**ચેતાતંત્ર પર અસર :** ઝિંકનું વધારે પડતું પ્રમાણ શરીરમા જાય તો માથામાં દુઃખાવો થાય છે. અશક્તિ લાગે છે.

આ લેખમાં સ્મેલ્ટરના કારણે કેડમિયમ, સીસું, આર્સેનિક જેવી ધાતુઓની વાતાવરણ પર શી અસર થાય છે તેની નોંધ લેવામાં આવી છે. હાલ પૂરતું લાગે છે કે રૂ. ૧૦,૦૦૦ કરોડનો પ્લાન્ટ દ.ગુજરાતમાં આવતો દેખાતો નથી. આવા લોકઆંદોલનમાં ભળવાનું અને આરોગ્યની અસરો અંગે જાગૃતિ લાવવાનું કામ સંઘમિત્રાબહેન કરતાં રહ્યાં હતાં.

**– રજની દવે**



અણુમુક્તિનો એક અંક(અં.)



જદુગોડા વિશેષાંક(અં.)



ફુકુશિમા વિશેષાંક(હિં)



હીરોશિમા-નાગાસાકી વિશેષાંક (હિં).



ચેર્નોબિલ વિશેષાંક(હિં)



Science for Democratic Action-Nov.2002



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# ‘અણુમુક્તિ ગ્રુપ’ની સાઇકલ-યાત્રાઓ

**આ**પણે મુખ્યત્વે ત્રણ સાઇકલયાત્રાને યાદ કરવી જોઈએ.

○ પહેલી મહત્ત્વની સાઇકલયાત્રા અંગે અણુમુક્તિના ઑગસ્ટ/સપ્ટેમ્બર ૧૯૯૧ના અંક અને એપ્રિલ/મે ૧૯૯૨ના અંક પર નજર નાંખવી પડે. આ એક લોકજાગૃતિનો કાર્યક્રમ હતો. આયોજન હતું ૨૦ માર્ચ ૧૯૯૨ના રોજથી યાત્રાનો શુભારંભ વેડછીથી કરીને વાંસદા, વલસાડ, તારાપુર, મુંબઈ, દરિયાકિનારાના રસ્તે ગોવા, ઉત્તર કન્નડા, કૈગા, મેંગ્લોરના રસ્તે, ૨૪ એપ્રિલ ૧૯૯૨ને રોજ Peringome પહોંચવું.

યાત્રાપથ એવી રીતે બનાવ્યો હતો કે જેમાં નવાં અણુમથકો તેમજ ભવિષ્યમાં સ્થપાનારાં અણુમથકોનાં સ્થળો પર જઈ શકાય. આમ કાકરાપાર, તારાપુર, ભાભા એટમિક સેન્ટર (BARC), જૈતાપુર, કૈગા વગેરે સ્થળો આવી જાય. અણુમુક્તિના એપ્રિલ-મે ૧૯૯૨ના અંકમાં યાત્રાનો વિગતે અહેવાલ આપવામાં આવ્યો છે.

○ બીજી સાઇકલયાત્રાના આયોજનની વિગત ઑગસ્ટ/સપ્ટેમ્બર ૧૯૯૨ના અણુમુક્તિના અંકમાં ટૂંકમાં આપેલી છે. વર્ષ ૧૯૯૩-માર્ચના અંતિમ દિવસોમાં યાત્રા શરૂ કરવાની નોંધ કરવામાં આવી છે. ગુજરાતના ૧૦ જિલ્લાઓમાં આ સાઇકલયાત્રા દ્વારા લોકજાગૃતિનું કામ કરવાનું આયોજન હતું. યાત્રામાં ટકાઉ વિકાસ, મોટા બંધોના પ્રશ્નો, અણુમથકના પ્રશ્નો, મોટા મોટા મલ્ટીનેશનલ કોર્પોરેટ્સ, આદિવાસીઓના જંગલ પરના હકો અંગે લોકસંવાદ કરવાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ યાત્રા માંગરોળ (રાજપીપળા) આવી ત્યારે તેમાં ઉમાબહેનને પ્રથમ વખત મળવાનું થયું હતું. આ યાત્રાના આયોજન અને પૂર્ણાહુતિની ટૂંકી વિગતો ‘ભૂમિપુત્ર’ની ૧૯૯૩ની ફાઈલમાં જોવા મળે છે. તા. ૨૧-૪-૯૩ના રોજ કાકરાપારથી નીકળેલ ૨૫ યુવાનોની સાઇકલયાત્રા સુરત, ભરૂચ, વડોદરા, ખેડા, અમદાવાદ, મહેસાણા, બનાસકાંઠા થઈ કચ્છ જિલ્લાના કંડલા ખાતે તા. ૧૦-૫-૯૩ના રોજ પહોંચી હતી. કાર્યક્રમમાં દુખાયલજી, નારાયણભાઈ દેસાઈ, ચુનીભાઈ વૈદ્ય, જગદીશ શાહ વગેરે હાજર રહ્યા હતા.

○ ત્રીજી સાઇકલયાત્રા ૨જી ઑક્ટોબર ૨૦૨૧થી ૧૦ ઑક્ટોબર




જમણી બાજુએ ચશ્માં પહેરેલાં ઉમાબહેન

૨૦૨૧ સુધી સોનગઢ તાલુકાનાં ગામોમાં ચાલી. તાપી જિલ્લામાં આવનારી હિંદુસ્તાન ઝીંક કંપની અંગે લોકજાગૃતિ લાવવા માટે આ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. ૩૭૯ કિલોમીટરની આ યાત્રામાં ૯૧ ગામોમાં કુલ ૬૫ મોટી મિટિંગો થઈ હતી. ૪૦થી વધુ ભાઈ-બહેનોએ યાત્રામાં ભાગ લીધો હતો. યાત્રામાં સંપૂર્ણ ક્રાંતિ વિદ્યાલય વેડછીનાં ઉમાબહેન, ડૉ. સુરેન્દ્ર ગાડેકર, ભૂપેન્દ્રભાઈ ચૌધરીનો મોટો ફાળો રહ્યો હતો.

આની વધુ વિગતો માટે ૧-૧૧-૨૦૨૧ના ભૂમિપુત્રમાં નૈતિક ગામીતનો પાન નં. ૧૨-૧૩ પરનો લેખ વાંચવો રહ્યો.

**– રજની દવે**

# ઉત્સાહથી ભરપૂર - સેવાભાવી ઉમાબહેન

**સં**ઘમિત્રા બહેન (ઉમાબહેન)ના મૃત્યુના સમાચાર સાંભળતાં મારું મન ૫૦ વર્ષ પહેલાં અમે કાશી-રાજઘાટ રહેતાં હતાં ત્યાં પહોંચી ગયું. મારા પિતાજી જમનાલાલ જૈન સર્વસેવા સંઘના પ્રકાશન વિભાગના મંત્રી હતા. હું અને મારી બહેન ત્યાં વસંત કૉલેજમાં ભણતાં હતાં. અમારા મકાનમાં નીચે નારાયણ દેસાઈ રહેતા હતા. ઉમાબહેન ત્યારે શાંતિનિકેતનમાં મેડિકલ કૉલેજમાં અભ્યાસ કરતાં હતાં. ભણીને આવ્યા પછી એમણે એક ક્લિનિક (દવાખાનું) શરૂ કર્યું હતું. ત્યારબાદ તેમનાં લગ્ન સર્વોદય વિધિથી સાદાઈથી કરવામાં આવ્યાં હતાં. તેમાં આંગણાની સફાઈ, ગટર લાઈનની સફાઈ આવી બધી વિધિ કરવામાં આવી હતી. તે વખતે અમારા માટે પણ આ નવું હતું.

ઉમાબહેન ઉત્સાહથી ભરપૂર અને ઘણી જાતના શોખ ધરાવતાં હતાં. અમે તો એમની નાનીબહેન જેવાં હતાં. તેઓ મધમાખી ઉછેરની પેટી પણ રાખતાં. ક્યારેક એમની મધમાખીઓ ઊડીને અમારા ઘરમાં ઉપર ભરાઈ જાય ત્યારે કહે ....અરે ! રેખા... સુષ્મા ઉપર સે પાની ડાલો. અમે ડોલ ભરીને પાણી નાંખીએ. મધપેટીના મીણમાંથી કાપડ પર બાટિક પ્રિન્ટ બનાવતાં હતાં.

મારી મોટીબહેન સુષ્માનાં લગ્ન વખતે ઉમાબહેન તેમજ ઉત્તરાબહેને અમારી ખૂબ મદદ કરી હતી. જાન વળાવીને આવ્યા ત્યારે અમે ખૂબ થાકી ગયાં હતાં. પરંતુ તેમણે અમારા માટે રસોઈ તૈયાર કરી રાખી હતી.

૨૦૦૯માં કચ્છમાં ભૂકંપ વખતે ઉમાબહેન અને સુરેન્દ્રભાઈ નીલપર આવ્યાં હતાં. ઘણા બધા સમય સુધી અહીં રહીને, લોકોની ઘણી સેવા કરી હતી. સવારે પાંચ વાગ્યે આવીને કહે... રેખા, ચા પીવા આવી છું. અમે સાથે બેસીને ચા પીતાં હતાં. ઘમડકા ગામમાં મારી દીકરી સ્વાતિ સાથે કપડા પર નેચરલ કલરનું ખૂબ કામ કર્યું હતું.

આવી આવી યાદો સાથે અમારું નીલપર પરિવાર ઉમાબહેનને શ્રદ્ધાંજલિ અર્પણ કરે છે.

નીલપર, કચ્છ **– રેખાબહેન દિનેશભાઈ સંઘવી**




YAGNA PRAKASHAN SAMITI

https://www.bhoomiyagna.org

# મારાં ખાદી પહેરતાં મેરીલ સ્ટ્રીપ...

ઉમાદીદી, તમારે કેરીની સિઝનમાં નહોતું જવાનું ! આ વર્ષે વેડછી મન ભરીને કેરી ખાવા, અથાણાં શીખવા આવવાનું તમે pauseમાં મૂકીને ચાલ્યાં ગયાં...

તમને યાદ છે ! પહેલી વાર આપણે મળ્યાં ત્યારે કેરીની સિઝન જ હતી અને હું પહેલી વાર વેડછી આવી હતી, દાદાને મળવા... ૨૦૦૩માં. ને આપણી દોસ્તી થઈ, એના પછીનાં દસ વર્ષે. દાદા સાથે રહેવાનું થયું ને તમારી સાથે જોડાવાનું થયું. દાદાએ કહ્યું હતું કે, ઉમાને તારી સાથે તરત ફાવી ગયું ! પણ મને પછી તમારી સાથે રહેતાં-રહેતાં સમજાયું ને feel થયું કે તમને કોઈની પણ સાથે ફાવી જ જતું. તમે હતાં જ માણસીલા !

તમે ડૉક્ટર છો, મને ગમે એવી ખાદીનાં નિર્માતા છો, એટલો પરિચય હતો, પણ તમે બહુ જ મજાનાં કુક છો, એ તો પહેલી વાર દાદા સાથે વેડછી આવી ત્યારે ખબર પડી, જ્યારે તમે તરબૂચની છાલનાં મૂઠિયાં અને બેઝિલ ટોમેટો સૂપ બનાવીને જમાડ્યાં. આહા !!! મને એમ થયું કે રોજ આવું જમવાનું મળે તો ! દી' આજે પણ તમારી બ્રેડ, રાઈસ નૂડલ્સ, દાલમા, પરવળનું શાક, stew, બનાના કેક.... actually તો તમે બનાવતાં.... એ incomparable છે !

Julie and Julia મારું અતિ અતિ ગમતું મુવી ને, એમાંય પાછાં મેરીલ સ્ટ્રીપ... તમે મારા live Jullia !!! અને એટલે જ મને bread-soup-salad શિબિરનો idea આવ્યો ! And it was like that ! તમે મારાં ખાદી પહેરતાં Jullia. અમને કેટલી બધી ટાઈપની બ્રેડ, સુપ અને સલાડ શિખવાડ્યાં... અને પછી આચાર શિબિર, રંગાઈ શિબિર, આહા.... એક પછી એક તમે કેટલું બધું અમને આપતાં જ ગયાં, share કરતાં ગયાં.

જ્યારે પહેલી વાર તમને natural dyeing માટે પૂછ્યું હતું, તો તમે કહ્યું હતું, 'અમે અમારા ભાગનું કરી લીધું, હવે તમે કરો. શું જોઈએ છે, એ કહો.' અને natural dyeing ના તમારાં બધાં resources, techniques તમે સાવ સહજ સામે મૂકી દીધાં.

ઉમાદી, રાજકોટ તમે ઘરે આવ્યાં, માઁ ને મળવા, ને ઘરનાં બધાંને



પોતાનાં કરી લીધાં. તમને ખબર છે ! મારાં બધાં મિત્રોમાં તમે અને વેડછીનું ઘર એક જ એવું છે જ્યાં ઘરનાં બધાં આવ્યાં છે અને એમની જીવનશૈલીથી સાવ અલગ જગ્યા હોવા છતાં ખૂબ પ્રેમથી રહ્યાં છે, એ તમારા લીધે. હા ઉમાદી, એ તમારી space feel કરાવવાની જે વારસાગત આવડત હતી એ અમને સૌને ત્યાં ખેંચતી. ઉમાદી તમે એટલી space આપતાં કે તમારી સાથે ઝઘડીને તમારી filter coffeeમાં ભાગ પડાવી શકતી!

૨૦૧૫-૧૬ના સર્વેમાં રાજસ્થાન અને મ.પ્ર.માં તમને ડૉક્ટર અને એક્ટીવિસ્ટના રોલમાં પહેલી વાર માણ્યાં. આહા, કેટલાં વર્ષો પછી પણ ત્યાંના લોકોમાં તમારા અને બાબા માટે કેટલો બધો ભાવ અને આદર હતો. અને સર્વેનું કામ તમે કેટલું સહજ ને સરળ બનાવી દીધું હતું, કે જેને રસ ના હોય એને પણ કામમાં રસ પડે એવું. પૂરી ટીમને કેટલી ફ્રીડમ અને સ્પેસ કે એક મહિના પછી પણ બધાને કામમાં કંટાળો નહોતો આવ્યો.

દીદી, સ્ટ્રોક પછી પણ તમે એવાં જ શાનદાર હતાં. જ્યારે મેં ફોન પર પૂછ્યું કે, હવે કેવું છે દીદી ? તમે કહ્યું, 'કસરત ચાલુ છે. અને મન સ્વસ્થ છે!' હું તો ફીદા!

છેલ્લે જ્યારે હું વેડછી આવી, તમે ફળિયામાં કસરત કરતાં હતાં, અને next રંગાઈ શિબિરની વાતો કરી હતી... મને થયું કે દીદી આ શરીર અને મનનું separation પણ શિખવાડી દો ને!

કેટકેટલા રંગો તમે જીવી ગયાં અને એના છાંટા અમારા સૌ પર ઉડાડતાં ગયાં, અમારું જીવન રંગસભર કરતાં ગયાં. તમારા pause પછી ફરી bread-soup-salad શિબિર અને રંગાઈ શિબિરમાં મળીએ, તમે કહેતાં એમ જ ''કેરીની સિઝનમાં.''

Love You ! See you on the otherside ઉમાદી !

રાજકોટ **– દિપાલી રાજ્યગુરુ**

# અમારાં ઉમાદીદી

**સાદું** જીવન અને છેવાડાના માનવીની સેવા અને તેના ઉત્કર્ષ માટેની સતત ખેવના વેડછીના સંપૂર્ણ ક્રાંતિ વિદ્યાલયમાં જોવા મળી.

ચુસ્ત અપરિગ્રહ અને અકિંચન જીવન જીવતા એ કુટુંબનો સ્તંભ ઉમાદીદી હતાં. પોતે એમ. ડી. મેડિસિન અને એમના પતિ પીએચ. ડી. ફિઝીક્સ. પણ લોકસેવામાં સંપૂર્ણ જીવન સમર્પિત કરી દીધું. પિતાનો પડછાયો બની સમગ્ર જીવન એમની સેવામાં ઓગાળી દીધું. સ્વ. નારાયણ દેસાઈની પ્રચંડ પ્રતિભાના વિકાસમાં ઉમાદીદીનું પ્રદાન અનન્ય છે. દીકરી દુઆ આર્કિઓલોજિસ્ટ છે. ઉમાદીદી વિદ્યાલયનાં સર્વ કાર્યોની જવાબદારી ઉપરાંત સ્વરાજ આશ્રમમાં દવાખાનું ચલાવતાં. હસતો ચહેરો અને કોઈપણ ભાર રાખ્યા વિના સતત કાર્યરત ઉમાદીદી આ છેવાડાના આદિવાસીઓ માટે ઉત્તમ માર્ગદર્શક હતાં. એમની તંદુરસ્તીની જાળવણી માટે દીવાદાંડી હતાં.

વિદ્યાલય અને દવાખાનું આજે સૂનાં પડ્યાં છે.

સુરત **– મીનુ પરબીઆ**



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# ઉમાબહેન ઊર્જાના એક સ્રોત સમાં હતાં !

(દિલ્હીસ્થિત સતીશકુમાર સિંહે પાઠવેલ પત્રનો સાર)

ઉમાબહેન જ્યારે સર્વસેવા સંઘના રાજઘાટ વારાણસીના સાધના કેન્દ્રમાં રહેતાં હતાં ત્યારે ૧૯૮૪માં સતીશભાઈ તેમના સંપર્કમાં આવ્યા હતા. ઉમાબહેન ૧૯૮૫માં કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશનની વસંત મહિલા કૉલેજમાં પ્રાધ્યાપક હતાં અને સાથે સાથે ફાઉન્ડેશનની ગામડામાં સ્થિત સંજીવની હૉસ્પિટલના અધ્યક્ષ બનીને આજુબાજુનાં ૧૨-૧૫ ગામોને સેવા આપતાં હતાં. સતીશભાઈ ૧૯૮૬માં સર્વ સેવા સંઘનું કામ છોડીને કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશનની પ્રાથમિક શાળામાં મુખ્ય અધ્યાપક બન્યા. તેમજ સાંજે સાંજે ફાઉન્ડેશનના દવાખાનાનો હિસાબ લખવાનું કામ કરતા હતા. તે દરમ્યાન દવાખાનામાં કેરળથી આવીને નર્સનું કામ કરતાં સુશિલાબહેનના સંપર્કમાં આવ્યા. ઉમાબહેનની હાજરીમાં સતીશભાઈ-સુશિલાબહેનનાં લગ્ન થયાં હતાં.

વર્ષ ૧૯૮૮માં ઉત્તરાબહેનનું અવસાન થતાં ઉમાબહેન સુરેન્દ્રભાઈ સાથે વેડછી રહેવા આવ્યાં તે પહેલાં સતીશભાઈ નારાયણભાઈને મળવા આવીને વેડછી આવવાનું મન બનાવી ગયા હતા. ઉમાબહેન વેડછી આવ્યાં પછી સતીશભાઈ સંપૂર્ણ ક્રાંતિ વિદ્યાલયમાં કાર્યકર્તા તરીકે જોડાયા. તેમનાં પત્ની સુશિલાબહેને કોકિલાબહેન અને ભીખુભાઈ સાથે ખેતરમાંથી શેરડી કાપવા માટે દૂર દૂરથી આવતા કામદારોની ગર્ભવતી બહેનોના આરોગ્ય જાળવણીનું કામ શરૂ કર્યું. ઉમાબહેને ૬-૭ મહિના પછી, સ્વરાજ્ય આશ્રમ, વેડછીમાં ઉત્તરાબહેનના નામે દવાખાનું ચાલુ કર્યું ત્યારે સુશિલાબહેન તેમાં સહાયક તરીકે કામ કરવા લાગ્યાં.

સંપૂર્ણ ક્રાંતિ વિદ્યાલયમાં પ્રાર્થના, સફાઈ, શ્રમકાર્ય, શૈક્ષણિક કાર્ય, ઉદ્યોગ નિયમિત ચાલતાં હતાં. ઉમાબહેન માતૃવત્ સૌની કાળજી રાખતાં હતાં. વર્ષમાં ૩ થી ૪ આવાસી શિબિરો યોજાતી. જેમાં ૧૫-૨૦ વિદ્યાર્થીઓ ભાગ લેતા હતા. આ બધામાં એમને નવું નવું જાણવા, શીખવા મળતું હતું. વિદ્યાલયમાં રોજબરોજના જીવનમાં જરૂરી એવી આવડતો, સિલાઈ કામ, વણાટકામ, કાંતણકામ, કેરીની સિઝનમાં કેરીનાં વ્યંજનો બનાવવાનું તેમજ નાસ્તા-જમવાની વિવિધ વાનગીઓ બનાવતાં શીખવાડવામાં આવતી હતી. ૩ વર્ષ તેઓ વિદ્યાલયમાં રહ્યાં.

સં.ક્રાં.વિદ્યાલયે ભારતનાં અણુમથકોને સાંકળતી ૮૦૦ કિ.મી.ની. સાઇકલયાત્રા કરી ત્યારે તેમાં તેઓ જોડાયાં હતાં. વેડછીમાં War Resister's Internation (WRI) સંમેલન ભરાયું ત્યારે તેમાં પણ સતીશભાઈએ ભાગ લીધો હતો. વિદ્યાલયમાં હિરોશીમા દિવસ, ચેર્નાબિલ અકસ્માત દિવસ નિમિત્તે યોજાતા કાર્યક્રમોમાં પણ તેઓ ભળતા હતા.

તે પછી પણ ઉમાબહેન સાથે પારિવારિક સંબંધો રહ્યા. નિયમિત પત્રવ્યવહાર કરતા હતા. વર્ષ ૨૦૨૩માં ઉમાબહેનને આવેલ પ્રથમ સ્ટ્રોક વખતે મળવા આવ્યા હતા. ડિસેમ્બર ૨૦૨૪ના ના.દે.શતાબ્દી સમારોહમાં પણ વેડછી આવ્યા હતા.

ઉમાબહેન તેમના માટે ઊર્જાના સ્રોત સમાન હતાં. તેમના ગુણોને જીવનમાં ઉતારવામાં જ આપણે સાચી શ્રદ્ધાંજલિ આપી શકીએ તેવું તેમનું માનવું છે.

ડૉ. સંઘમિત્રા ગાડેકર ઉર્ફે.. (પાન ૫નું ચાલુ)

પછી તરત બનારસ જ હતો, ત્યાં જ ઊછર્યો અને અસલ ભોજપુરી ! ગુજરાત બહુ ઓછું આવે. વૈકલ્પિક રાજનીતિના પ્રયત્નમાં ગળાડૂબ જન્મજાત રાજનૈતિક કર્મશીલ. વૈચારિક મતભેદ હોય, પણ ઉમાબહેનની એક નજર બનારસમાં ભાઈ-ભાભી અને ભત્રીજી પર હોય જ.

ઉમાબહેનના મોસાળની વાત રહી ન જવી જોઈએ. ઓડિશાનો પ્રભાવી પરિવાર. ગાંધી-વિનોબા માર્ગે ઈમાનથી ચાલવાવાળા નબકૃષ્ણ ચૌધરી ૧૯૫૦ થી ૧૯૫૬ સુધી ઓડીશાના મુખ્ય પ્રધાન. ઉમાબહેનનાં નાની માલતીદેવી ચૌધરી એવાં ક્રાંતિકારી કે પતિ મુખ્યપ્રધાન થયા ત્યારે ચોખ્ખું કહેલું કે લોક વિરુદ્ધ કામ કરશો તો તમારી સાથે લડનારી હું પહેલી હોઈશ ! આ પરિવાર સાથે દીકરી ઉત્તરાબહેન પછી સંબંધો સાચવ્યા હોય તો ઉમાબહેને. એ પરિવારની નાની દીકરી એટલે કૃષ્ના માસી. અમે પણ માસી જ કહીએ. ઉમાબહેનની એ માસી કરતાં બહેનપણી વધુ. હજી એપ્રિલના આરંભમાં હું અંગુલ (ઓડિશાનું શહેર જ્યાં ચૌધરી પરિવારે આશ્રમશાળા કરી અને સ્થાયી થયા) ગયો હતો અને મેં ઉમાદીદીને ફોન કર્યો અને કહ્યું કે કંઈ સંદેશ ? ઉમાદીદી કહે કે માસીને વેડછી આવીને રહેવાનું કહેજે. માસી એક મહિના પછી લાંબું રહેવા આવવાનાં હતાં અને ઉમાબહેન તો ગયાં. માસીનો ફોન પર જ કરુણ વિલાપ !

ઓડિશાથી કેટલીયે દીકરીઓ આવીને વિદ્યાલયમાં રહી. બધાંની એ મા. એમાંની એક ડોલી, તેણે એક બાળકને જન્મ આપ્યો અને દીદીને એક નવું બાળક મળ્યું ! એનું નામ શ્રીધર. સમય જતાં ડોલીએ ફરી પરણવાની ઇચ્છા દર્શાવી. ભાઈ સૌરાષ્ટ્રનો, કહે કે તને પરણીને લઈ જાઉં પણ દીકરો નહીં. ડોલી ગઈ અને શ્રીધર ઉમાનો દીકરો બન્યો. ૨૦૦૨માં કોમી રમખાણો પછી ઇમરાન, મોહસીન તો હતા જ, આ ત્રીજો દીકરો ઉમેરાયો. ઉમાબહેનને ૬૦ વરસ તો થઈ ગયાં હતાં પણ શ્રીધરને પહેલા ખોળાનો બાળક હોય તેટલી કાળજીથી મોટો કર્યો. દુઆ, ઇમરાન અને શ્રીધર ત્રણેયે માને અગ્નિદાહ દઈ વિદાય કર્યાં. પોતે ડાયાબિટિસની રોગિણી. થાકે, પણ ફરી કામે લાગે. વિદ્યાલયમાં કેટલાંય યુવાઓ, યુવતીઓ, યુગલો આવ્યાં, રહ્યાં, શીખ્યાં અને જીવ્યાં. એ સૌ જ્યાં પણ કામ કરતાં હોય, સમય મળે ઉમાબહેનને મળવા ખાસ આવે.

વેડછી ગાંધી વિદ્યાપીઠના પરિસરમાં સં.ક્રાં. વિદ્યાલય. નારાયણભાઈ તો આદરણીય. ઉમાબહેન માટે પણ સૌને પ્રેમ. શિક્ષક, કાર્યકર અને વિદ્યાર્થીઓ બધા સાથે પ્રેમાળ સંબંધ. આગળ જણાવ્યું તેમ ગામની તો દીકરી જ. માંદગી અને મૃત્યુના સમયમાં વિદ્યાપીઠ અને ગામ બંને ઊમટ્યાં. અંત્યેષ્ટિ માટે અમારે કાંઈ કરવાનું આવ્યું જ નહીં. ઉમાબહેનના શાળાના સાથીઓ, મિત્રો, વડીલો, યુવાઓ બધાએ આવીને તમામ વ્યવસ્થા કરી અને મૃત શરીરને પણ કોમળતાથી અંતિમધામ પહોંચાડી ચૌધરી વિધિથી જ ગામની દીકરીને વિદાય કરી. ગામ સાથે આટલો ઘનિષ્ઠ અને પોતીકો સંબંધ ભાગ્યે જ કોઈ ગાંધી-વિનોબાના કાર્યકરને હશે. એક તેજસ્વિની, પ્રતિભાશાળી, ખંતીલી, ગાંધીવિચારને વરેલી અને એ જ રીતે જીવન જીવીને કિરતારના ઘરે ઊપડી ગઈ. એ દયામયે ઉમાબહેન માટે મંગળ મંદિરનાં દ્વાર ખોલ્યાં જ હશે અને એમને ઉરમાં લીધાં જ હશે.

'આર્ચ', ધરમપુર. **– સુદર્શન આયંગાર**



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

**'અણનમ યોદ્ધા'...** (પાન ૨૪નું ચાલુ)

મોજમાં આવે ત્યારે ઝાડ પર ચડીને કે એના છાંયે બેસીને ભણવાનું – આવી બધી મધુર યાદો સૌએ વાગોળી.

ઉમાબહેને પણ એમના પ્રાથમિક શિક્ષણની શરૂઆત ગ્રામશાળા, વેડછીથી જ કરી હતી. ગ્રામશાળાના આ કાર્યક્રમમાં ઉમાબહેનની ભાગીદારી અંગે વાત કરતાં તરલાબહેન શાહ જણાવે છે કે – 'ગ્રામશાળાના કાર્યક્રમ અંગે ઉમા બહુ જ ઉત્સાહિત અને સક્રિય હતી. આ કાર્યક્રમમાં ઉમાએ બહુ ઊર્મિસભર થઈને નારાયણભાઈનો ગ્રામશાળા માટેનો લગાવ અને એ વર્ષોની ના.દે.ની ડાયરીઓની વાત કરી. આ ડાયરીઓમાં નારાયણભાઈએ ગ્રામશાળાના શિક્ષણની, વિદ્યાર્થીઓની નાની-મોટી પ્રવૃત્તિઓની, શિક્ષણમાં કરેલા પ્રયોગો અને એની અસરોની ઝીણી ઝીણી નોંધ કરી હતી. ડાયરીઓનાં પાનાંની આવી રજૂઆત થકી નઈ તાલીમનો શિક્ષક કેવો હોય, કેવી રીતે વિદ્યાર્થીઓ ઘડાય, કેળવાય તેની વિગતો રજૂ કરી. ઉમાને આ બધું કેટલું ઊંડાણથી સ્પર્શતું હતું એ તેની વાતો થકી પ્રગટ થતું હતું.'

ગ્રામશાળાના કાર્યક્રમ પછી ૨૩મી ડિસેમ્બરે સંપૂર્ણ ક્રાંતિ વિદ્યાલયમાં વિદ્યાલયના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ તેમજ સાથીમિત્રોનું મિલન યોજાયું. તેમાં લગભગ ૧૫-૨૦ મિત્રો હાજર રહ્યા હતા. બહારગામના મિત્રોમાં ઓરિસ્સાથી સુરેનભાઈ રાઉત, રંજના મંડલ, ઇન્દુમતિબહેન, સ્નેહાંશુ; દિલ્હીથી સતીષભાઈ-સુશીલાબહેન, રાજેન્દ્ર રાજન; કર્ણાટકથી શ્રીકુમાર; હોશંગાબાદ (મ.પ્ર.)થી સ્મિતાબહેન અને એમનો દીકરો ઇકબાલ અભિમન્યુ, મુંબઈથી સુમેશ, વડોદરાથી બકુલભાઈ, પારુલબહેન,; ઉજ્જૈન-જયપુરથી અક્ષિતા અને નિશાંત, ગાગોદે-મહારાષ્ટ્રથી અનુરાધાબહેન, સ્થાનિક કહેર-ખાનપુર-સુરતથી વિનોદ, અજય, યામિનીબહેન તેમજ વિદ્યાલય પરિસરનાં ઉમાબહેન, સુરેન્દ્રભાઈ, દુઆ, શ્રીધર, ઉમાબહેનના ભાઈના દીકરાની પત્ની પૂજા અને તેનાં માતા માયાદી વગેરે મિત્રો હાજર રહ્યા હતા. દરેકે વિદ્યાલય અંગે પોતાના પ્રતિભાવો પણ દર્શાવ્યા.

સંપૂર્ણ ક્રાંતિ વિદ્યાલય એ પ્રશિક્ષણ માટેનું કેન્દ્ર હોવાથી અત્યાર સુધીમાં ભારતનાં અલગ-અલગ રાજ્યોમાંથી અને વિદેશમાંથી પણ કેટલાય વિદ્યાર્થીઓ અહીં આવતા રહ્યા. સં.ક્રાં-વિદ્યાલય એ કોઈ સરકારમાન્ય પાઠ્યક્રમ પ્રમાણે કામ કરતી સંસ્થા નથી. એટલે અહીં ભણનાર અને ભણાવનાર બંનેએ શિક્ષકની ભૂમિકાએ કામ કરવાનું રહેતું. આવનાર વિદ્યાર્થીઓ પણ અલગ-અલગ રાજ્ય-ભાષા-ધર્મ કે આર્થિક રીતે વિવિધ સ્તરના હોય, એટલે એકમેક સાથે હળી-મળીને રહેવાનું, શીખવાનું થાય. પ્રશિક્ષણ માટે શરૂઆતમાં તો નારાયણભાઈ, ઉત્તરાબહેન, જ્યોતિભાઈ દેસાઈ અને પછીથી ઉમાબહેન, સુરેન્દ્રભાઈ તો હોય જ, પણ અવારનવાર સર્વોદયના મહાનુભાવો – બંગ સાહેબ, સિદ્ધરાજજી, વિમલાતાઈ, સવાઈસિંગ, ગંગાપ્રસાદજી, અરુણભાઈ ભટ્ટ જેવાનો કે વિજય તેંડુલકર અને એચ.એમ.પટેલ (ભૂ.નાણાંમંત્રી) જેવા મહાનુભાવોનો લાભ પણ મળતો.

અહીં તાલીમ લીધા પછી કેટલાય વિદ્યાર્થીઓએ અન્ય સ્થળોએ પોતાનું સેવાક્ષેત્ર બનાવ્યું. કેટલાક ટકાઉ જીવનશૈલી પ્રમાણે જીવન ગોઠવી રહ્યા છે; કેટલાક આરોગ્ય, યુવા જાગૃતિ, ખેતી-ગોપાલન, શિક્ષણ વગેરે કામો તો કેટલાક અણુઊર્જા સામેના સંઘર્ષના કામમાં લાગેલા છે. દિલ્હીના રાજેન્દ્ર રાજન લેખન-અનુવાદ-સંપાદનના કામમાં લાગ્યા છે. તેમણે નારાયણભાઈનાં ત્રણ પુસ્તકો – 'મારા ગાંધી', 'જયપ્રકાશ' (નાટક) અને 'એકાદશવ્રત' તેમજ 'મારું જીવન, મારી વાણી'ના પહેલા ભાગનો હિંદી અનુવાદ કર્યો છે. કર્ણાટકના શ્રીકુમાર મૂળ એન્જિનીયરીંગ ક્ષેત્રના, એમાં અધ્યાપનકાર્ય પણ કર્યું. સં.ક્રાં.વિ.માં ચારેક વર્ષ રહીને છેલ્લાં સત્તર વર્ષથી વતનમાં ખેતીની સાથે વૈકલ્પિક જીવનશૈલીના શિબિરો કરીને યુવાનોને જોડવાનું કામ કરી રહ્યા છે.

મૂળ કેરળના સુમેશભાઈ અહીં આવ્યા ત્યારે મલયાલમ સિવાય બીજી કોઈ ભાષા ન આવડે. કોઈ ડિગ્રી નહીં. કમ્પ્યુટર અહીં પહેલી વાર જોયું. અહીંથી પ્રેરણા મેળવીને હૈદરાબાદ ગયા. અને છેલ્લાં ૨૫ વર્ષથી મુંબઈમાં ડિઝાઈનીંગના ક્ષેત્રે કાર્યરત છે. ૮ વર્ષ નવનીત પબ્લિકેશનમાં પણ કામ કર્યું. આવા બીજા કેટલાય વિદ્યાર્થીઓ છે જે અહીંથી પ્રેરણા-દિશા-શિક્ષણ મેળવીને પોત-પોતાના ક્ષેત્રમાં કાર્યરત છે. બધાને વેડછી સવાયા ઘર જેવું લાગે ! વચ્ચે-વચ્ચે અહીં આવતા-જતા રહે, ફોનથી સંપર્કમાં રહે. જોકે આ મિલનમાં આવેલ કેટલાક મિત્રો ખૂબ લાંબા અંતરાલ પછી આવ્યા હતા. પણ વિદ્યાલય માટે એવી જ ભીની લાગણી અનુભવે, એ વિદ્યાલયનું જમા પાસું. અને એની પાછળ ઉમાબહેનનું માતૃત્વસભર હૃદય, જે હંમેશાં બધાંને આવકારે.

બધાંએ વિદ્યાલય અંગે પોતાનો ભાવ વ્યક્ત કરતાં અહીં માટે જે કંઈ રીતે મદદરૂપ થવાય એની તૈયારી દર્શાવી. વિદ્યાલયનો રિપોર્ટ તૈયાર થાય, લાયબ્રેરીને રિવાઈવલ કરવા જે કંઈ કરવું ઘટે તે અંગે સૂચનો કર્યાં. નવાં કામોમાં વસ્ત્રવિદ્યા, વાંસકામનાં કામોને આગળ ધપાવવાં, જે.પી. વ્યાખ્યાનમાળા આસપાસ દર વરસે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું મિલન ગોઠવવાનું પણ સૂચન થયું.

સં.ક્રાં.વિદ્યાલયના આ મિલન પછી બીજે દિવસે ૨૪ ડિસેમ્બરે નારાયણભાઈની જન્મતિથિ નિમિત્તે સવારે ૬ થી સાંજે ૬ સુધી સમૂહ-કાંતણ ચાલ્યું. તે પછી ૧૫, માર્ચ-૨૦૨૫ના રોજ નારાયણભાઈની ૧૦મી પુણ્યતિથિ નિમિત્તે પણ સમૂહકાંતણનો કાર્યક્રમ હતો.

આ બધાંની વચ્ચે ઉમાબહેનને બીજો સ્ટ્રોક આવ્યો. તેમાંથી ફિઝિયોથેરપી વગેરેના સહારે બહાર આવી રહ્યાં હતાં. કાંતણ માટે ખાસ નવાં કિસાનચક્ર બનાવડાવ્યાં. આગામી વિનોબાજયંતીથી ગાંધીજયંતી-૧૧ સપ્ટે.થી બીજી ઑક્ટો. -વસ્ત્રવિદ્યા શિબિરનું આયોજન પણ કરી રહ્યાં હતાં. તેમાં ૨૭ એપ્રિલે હાર્ટએટેક આવ્યો અને એમાંથી બહાર આવી ન શક્યાં. પણ છેવટ સુધી એ ઝૂઝતાં રહ્યાં, નવું-નવું કરતાં રહ્યાં, વિચારતાં રહ્યાં. એમની આ ઝિંદાદિલીને સલામ !

**– પારુલ દાંડીકર**

**ભૂમિપુત્ર**

હુજરાતપાગા, વડોદરા-૩૯૦ ૦૦૧ ફોન : ૦૨૬૫-૨૪૩૭૯૫૭, મો. ૯૦૧૬૪ ૭૯૯૮૨

સંપાદક : **રજની દવે**

સં. મંડળ : **સ્વાતિ • પારુલ**

દર માસની તા. ૧ અને ૧૬મીએ પ્રસિદ્ધ તથા પોસ્ટ થાય છે.

વાર્ષિક લવાજમ રૂ.૨૦૦

આજીવન અનામત રૂ.૨૫૦૦. વિદેશમાં વાર્ષિક લવાજમ (એરમેલ) રૂ.૨૦૦૦

લવાજમની રકમ મનીઓર્ડર, ડ્રાફ્ટ કે એટપારના ચેક દ્વારા અથવા યજ્ઞ પ્રકાશન સમિતિના **બેંક ઑફ બરોડા,** માંડવી, વડોદરાના ખાતા નંબર **૦૧૯૨૦૧૦૦૦૩૦૫૯૧ IFSC Code : BARB0LAHERI** માં પણ જમા કરાવી શકો છો. ચેક/ડ્રાફ્ટ **'યજ્ઞ પ્રકાશન સમિતિ'**ના નામનો મોકલવો. ખાતામાં પૈસા જમા કરાવ્યા બાદ આપનું નામ-સરનામું તથા પૈસા ભર્યાની સ્લીપ કાર્યાલય ઉપર મોકલવા વિનંતી.



YAGNA PRAKASHAN SAMITI

https://www.bhoomiyagna.org

'Bhumiputra' Fortnightly Published & Posted at Vadodara on 16-06-2025 R.N.I. No. 1683/57

# ‘અણનમ યોદ્ધા’ ઉમાબહેનને સલામ !

૧ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ ગાંધી વિદ્યાપીઠ, વેડછીમાં પ્રસંગ હતો – સેવાદિન અને નારાયણભાઈ દેસાઈ જન્મશતાબ્દીની ઉજવણીનો. વેડછીના વડલા સમા જુગતરામભાઈનો જન્મદિવસ વર્ષોથી ૧ સપ્ટેમ્બરે ‘સેવાદિન’ તરીકે ઊજવાય. તેમાં ૨૦૨૪નું વર્ષ નારાયણભાઈનું જન્મશતાબ્દીવર્ષ હોવાથી આ કાર્યક્રમ નારાયણભાઈના જીવન-કવનને સંભારવાનો રાખ્યો હતો.

ગાંધી વિદ્યાપીઠ, વેડછીના ઉપક્રમે યોજાયેલ આ કાર્યક્રમમાં સુદર્શનભાઈ આયંગારે ગાંધી વિચારના વાહક – નારાયણભાઈ વિશે વાત કરી. શરીફાબહેન વીજળીવાળાએ નારાયણ દેસાઈ લિખિત મહાદેવભાઈ દેસાઈના જીવનચરિત્રનું પુસ્તક ‘અગ્નિકુંડમાં ઊગેલું ગુલાબ’ની વાત કરતાં કેટલીક વાતો ના.દે.ના સાહિત્ય અંગે અને મહાદેવભાઈના જીવન અંગે વિસ્તારથી કરી. અમેરિકાથી આવેલ મોહનભાઈ ત્રિવેદીએ નારાયણભાઈની જન્મશતાબ્દીને ધ્યાનમાં રાખીને ના.દે.ની ચેતના, તેમના તરફથી મળેલ પ્રેરણા અને ના.દે.ના અનોખા અમેરિકન સત્યાગ્રહી મિત્રોની કેટલીક વાતો કરી. અંજનાબહેનના સુચારુ સંચાલન, અરમસિંહભાઈના પ્રાસંગિક ઉદ્‌બોધન તેમજ ઉષાબહેન, નરેન્દ્ર શાસ્ત્રી અને ફરાઝખાનના ગીત-ભજન સાથે કાર્યક્રમ સંપન્ન થયો.

આ પ્રસંગે ઉમાબહેન તેમની નાદુરસ્ત તબિયતે પણ હાજર રહ્યાં હતાં અને કાર્યક્રમના અંતમાં એમણે યોગ્ય રીતે જ જુગતરામકાકાને યાદ કરતાં કેટલીક વાતો કરી. નારાયણભાઈએ જ્યારે શિક્ષણના કામ અંગે વેડછી રહેવાનું – આવવાનું નક્કી કર્યું તો જુ.કાકાએ એમને પ્રેમપૂર્વક આવકાર્યા. યુવાન નારાયણભાઈ અને મોહનભાઈ પરીખની શરત હતી કે અમે અમારી રીતે કામ કરશું. તેને જુ.કાકાએ માન્ય રાખી જણાવ્યું કે એમના કામમાં જુ.કાકાની કોઈ દખલગીરી નહીં હશે અને એ લોકો માંગશે ત્યારે જ સલાહ આપશે.

ઉમાબહેનની દીકરી દુઆને કોઈ ખાસ મિટિંગ વખતે પણ જુ.કાકા પોતાના ખોળામાં બેસાડીને દુલાર કરતા, તે યાદ કરતાં ઉમાબહેને જણાવ્યું કે તેઓ અમારે માટે દાદા સમાન હતા. અને આગળ ઉમેર્યું કે આપણે તેમને પસંદ હતાં તેવાં કામ કરવાનાં છે અને વંચિતોની વહારે દોડવાનું છે. તે પછી ઉમાબહેને નારાયણભાઈની જન્મશતાબ્દી નિમિત્તેના કેટલાક આગામી કાર્યક્રમોની જાહેરાત કરી, તેમાં – સંપૂર્ણ ક્રાંતિ વિદ્યાલય દ્વારા યોજાતી જે.પી. વ્યાખ્યાનમાળામાં નારાયણભાઈના અણુમુક્તિ – વિસ્થાપનના વિચારોને ધ્યાનમાં રાખીને શિશિર ઝા દિગ્દર્શિત, ઝારખંડની યુરેનિયમ ખાણ વિસ્તારની વાત રજૂ કરતી સંથાલી ફિલ્મ ‘ધરતી લહર રે હોરો’ હિંદી ઉપશીર્ષક સાથે દર્શાવવાની વાત કરી.



૨૪ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ નારાયણભાઈનો જન્મદિવસ અને જન્મશતાબ્દીવર્ષ પૂર્ણાહુતિને ધ્યાનમાં રાખીને તા. ૨૨-૨૩-૨૪ ડિસેમ્બરના રોજ ત્રણ અલગ-અલગ કાર્યક્રમની પણ વાત કરી, જેમાં ૨૨ ડિસે. એક કાર્યક્રમ નારાયણભાઈએ જેની સ્થાપના કરી હતી તે ગ્રામશાળા વેડછીના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનાં સ્મરણો વાગોળવા સાથે ના.દે.ના નઈ તાલીમના પ્રયોગોની વાત કરવા અંગેનો હતો.

નારાયણભાઈએ ૧૯૮૧માં વેડછીમાં સંપૂર્ણ ક્રાંતિ વિદ્યાલયની સ્થાપના કરી હતી. તેના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું એક મિલન પણ ૨૩મી ડિસેમ્બરે યોજાવાનું હતું. અને ૨૪મી ડિસેમ્બરે નારાયણભાઈના જન્મતિથિ-દિને હંમેશની જેમ સવારે ૬ થી સાંજે ૬ વાગ્યા સુધી સમૂહકાંતણ રાખ્યું હતું.

નારાયણભાઈના અવસાન પછી સં.ક્રાં.વિદ્યાલય દ્વારા દર વર્ષે યોજાતી જે.પી.વ્યાખ્યાનમાળાની જવાબદારી ઉમાબહેન સંભાળતાં હતાં. આમ તો સં.ક્રાં.વિદ્યાલય દ્વારા યોજાતા દરેક શિબિર કે વ્યાખ્યાનની વ્યવસ્થા તો ઉમાબહેન શરૂઆતથી જ સંભાળતાં. પણ હવે વ્યાખ્યાનમાળાના સ્વરૂપ કે વક્તા વગેરેની પસંદગીની જવાબદારી પણ આવી. એમનો પ્રયત્ન રહેતો કે આ વ્યાખ્યાનમાળા ચીલાચાલુ ઢબે ન થતાં કંઈક વિશેષ – અર્થપૂર્ણ બની રહે. અને તે માટે પ્રયોગરૂપે કોઈક વાર ફિલ્મના આધારે રજૂઆત થાય, કોઈક વાર વ્યાખ્યાનમાળામાં જે વિસ્તારની વાત રજૂ થવાની હોય તે વિસ્તારમાં જ વ્યાખ્યાન ગોઠવવામાં આવે, વગેરે. તા. ૧૧-૧૦-૨૪ની જે.પી. વ્યાખ્યાનમાળામાં ઝારખંડની યુરેનિયમ ખાણોની વાત રજૂ કરતી સંથાલી ફિલ્મ ‘ધરતી લહર રે હોરો’ દર્શાવીને એના દિગ્દર્શક શિશિર ઝા સાથે વાર્તાલાપનું આયોજન પણ હતું. આ ફિલ્મ અણુઊર્જાની ઘાતક અસરો, કહેવાતો વિકાસ અને તેના ભોગે થતા વિસ્થાપનની વાતોને જે રીતે બોલકી થયા વગર દર્શકોને ઝકઝોરી દે છે, તે એક અર્થમાં નારાયણભાઈ, ઉમાબહેન અને સુરેન્દ્રભાઈ પ્રેરિત અણુમુક્તિ સામેના અભિયાનમાં પૂરક થાય એવી હતી.

આ પછી ના.દે. જન્મશતાબ્દી નિમિત્તે ૨૨-૨૩-૨૪ ડિસેમ્બરના જે ત્રણ કાર્યક્રમો યોજાયા તેમાં પણ ઉમાબહેન એટલાં જ સક્રિય રહ્યાં. ૨૨મીએ ગ્રામશાળા વેડછીના ઉપક્રમે યોજાયેલ કાર્યક્રમમાં ગ્રામશાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થી એવાં અરુણાબહેન ચૌધરી, અજિતભાઈ ચૌધરી, સ્વાતિ દેસાઈ, બકુલભાઈ શાહ, આનંદભાઈ શાહ (વિસનગર) વગેરેએ ગ્રામશાળાનાં પોતાનાં સંસ્મરણો તાજાં કર્યાં. તેઓ ગ્રામશાળામાંથી જે કેળવણી પામ્યાં, ખરા અર્થમાં ભાર વગરનું ભણતર પામ્યાં તેનો ત્યારે તો અહેસાસ નહોતો પણ પછીથી એ સમજાયું. ગ્રામ-શાળામાં નારાયણભાઈ ગુજરાતી ગીતોની સાથે બંગાળી ગીતો પણ એટલા જ ઉત્સાહથી શીખવાડતા, નાટક ભજવતા, સંસ્થાની જમીન પર નાની ક્યારીમાં સ્વતંત્ર રીતે, જવાબદારીપૂર્વક બાગકામ – ખેતીકામ કરવાનું, નદીએ નહાવા જવાનું કે

(જુઓ પાન નં. ૨૩)

ગુજરાત સર્વોદય મંડળની યજ્ઞ પ્રકાશન સમિતિ વતી રજની દવેએ ભૂમિપુત્ર કાર્યાલય, હુજરાતપાગા, વડોદરા ૩૯૦ ૦૦૧થી પ્રકાશિત કર્યું. મુદ્રણસ્થાન : જવનિકા પ્રિન્ટર્સ, વડોદરા-૧૮. પ્રત : ૨૯૦૦
Printed and Published by **Rajani Dave** on behalf of **Yagna Prakashan Samiti**, Published from Bhoomiputra Karyalaya, Hujaratpaga, Vadodara
Printed at Javanika Printers, 3-Laxmi Estate, Bahucharaji Road, Vadodara - 390 018. Editor : **RAJANI DAVE**

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org